

JYOTI PUNJ
Price Rs. 1/-
જ્યોતિપુંજ
May - 2021
R.N.I.No. : 11555 / 1966
Total - 44 Pages
Vol No. 65 - Issue No. 2

legrand®

LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST

matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

**WHY LEGRAND AT MATCHWELL**

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

**Why 1st Choice ?**

* Energy Distribution upto 6300A
* Control and Command
* Voice Data Images
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

# MATCHWELL ELECTRIC COMPANY
## HINDUSTAN TAPEX COMPANY

**ADMINISTATIVE SHOP** : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
**PHONE** : 66336766/ 22080067/ 22063916. **TALLKFREE** :- 022-39567272 /373
**E-mail** : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

**DISPLAY SHOWROOM** : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
**PHONE** : 022-39567627/ 022-49764924/ **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).**
**E-mail** : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).**

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip® PVC ELECTRICAL INSULATION TAPE

Pidilite WD-40 M-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૫ | ૨ | ૨૧-૦૫-૨૦૨૧ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)**
**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**
**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**
**નિલેશ દેસાઈ**

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖


**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
Visit us at www.balasinor.org

# શ્રી કૃષ્ણ ઉવાચ :

## કલિયુગ કેવો હોય?

**તંત્રી સ્થાનેથી**

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

એક વખત યુધિષ્ઠિર સિવાયના ચાર પાંડવો ભગવાન શ્રીકૃષ્ણને મળવા માટે ગયા હતા. ચારે પાંડવોએ કલિયુગમાં માણસ કેવી રીતે જીવતો હશે અને કલિયુગમાં કેવી સ્થિતિ પ્રવર્તતી હશે એ જાણવાની ઈચ્છા બતાવી એટલે ભગવાન શ્રીકૃષ્ણએ ચારે દિશાઓમાં એક એક બાણ છોડયું અને પછી ચારે ભાઈઓને એ બાણ શોધી લાવવા માટે આજ્ઞા કરી.

અર્જુન જે દિશામાં બાણ લેવા ગયો ત્યાં એણે એક વિચિત્ર ઘટના જોઈ. એક કોયલ મધુર અવાજે ગીતો ગાતી હતી. અર્જુનના પગ થંભી ગયા એણે કોયલ તરફ જોયું તો આશ્ચર્યથી આંખો પહોળી થઈ ગઈ. મધુર કંઠે ગીતો ગાનારી કોયલ એક સસલાનું માંસ પણ ખાતી જતી હતી. સસલું દર્દથી કણસતું હતું અને કોયલ ગીત ગાતા ગાતા એનું માંસ ખાતી હતી.

ભીમ જે દિશામાં બાણ લેવા ગયો ત્યાં એને પણ એક કૌતુક જોયું. એક જગ્યાએ પાંચ કુવાઓ હતા. ચાર કુવાઓ પાણીથી ઉભરાતા હતા. આ ચારે કુવાની બરોબર વચ્ચે પાંચમો કુવો હતો જે સાવ ખાલી હતો. ભીમને એ ન સમજાયું કે ચાર કુવાઓ ઉભરાય છે તો વચ્ચેનો પાંચમો કુવો સાવ ખાલી કેમ છે ?

નકુલ જે દિશામાં બાણ લેવા ગયો હતો ત્યાં તેણે એક ગાયને બચ્ચાને જન્મ આપતા જોઈ. બચ્ચાને જન્મ આપ્યા બાદ ગાય એને ચાટવા લાગી. થોડીવારમાં બચ્ચાના શરીર પરની ગંદકી સાફ થઈ ગઈ આમ છતાં પણ ગાયે ચાટવાનું ચાલુ જ રાખ્યું. હવે તો નાના બચ્ચાની કોમળ ચામડીમાંથી લોહી નીકળવા લાગ્યું તો પણ ગાયે ચાટવાનું ચાલુ જ રાખ્યું.

સહદેવ જે દિશામાં બાણ લેવા ગયો ત્યાં એમણે પણ

I.S.W.P.

BHS

Mr. BHARAT K. DOSHI
98210 27136

ISWP

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS,
ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

"Leads you to The Quality Era"

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL
DIGILINK
APC by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

એક આશ્ચર્યજનક ઘટના જોઈ. કોઈ મોટા પર્વત પરથી શિલા નીચે પડી રહી હતી. નીચે ગબડતી આ શિલા રસ્તામાં આવતા નાના-મોટા પથ્થરો અને વૃક્ષોને ધરાશયી કરતી તળેટી તરફ આગળ વધી રહી હતી પણ એક નાનો છોડ વચ્ચે આવ્યો અને શિલા અટકી ગઈ.

ચારે પાંડવોએ પરત આવીને એમણે જોયેલી ઘટનાની વાત ભગવાન શ્રીકૃષ્ણને કરી અને એનો મતલબ સમજાવવા વિનંતી કરી. ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું કે આ ચારે ઘટના કલિયુગમાં કેવી સ્થિતિ હશે તે બતાવે છે. ચારે ઘટનાના અર્થ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :

(૧) અર્જુનને કહે છે કે કલિયુગમાં સાધુઓ કોયલની જેમ મીઠા અવાજે વાતો કરશે અને સસલાં જેવા ભોળા અનુયાયીઓનું દર્દ દુર કરવાના બહાને એનું શોષણ કરશે.

(૨) ભીમને કહે છે કે ચાર કુવાઓ પાણીથી ઉભરાતા હતા છતાં બાજુમાં જ રહેલા કોરા કુવાને એક ટીપું પાણી આપતા ન હોતા એમ કલિયુગમાં અમીરોને ત્યાં સંપત્તિની રેલમછેલ હશે પણ એ એક પૈસો પણ આજુબાજુની જરૂરીયાતમંદ વ્યક્તિઓને નહીં આપે.

(૩) નકુલને કહે છે કે ગાયે એને બચ્ચાને ચાટી ચાટીને ચામડી પણ ઉતરડી નાંખી તેમ કલિયુગમાં મા-બાપ પોતાના સંતાનોને જરૂરથી વધારે લાડ લડાવીને માયકાંગલા કરી નાંખશે અને પોતાના જ સંતાનોને હાનિ પહોંચાડશે.

(૪) સહદેવને કહે છે કે પર્વત પરથી પડતી શિલાની જેમ કલિયુગમાં માણસનું ચારિત્ર્ય પણ સતત નીચે પડતું રહેશે. નીચે પડતા આ ચારિત્ર્યને બીજું કોઈ નહીં અટકાવી શકે પણ જો માત્ર સત્સંગરૂપી નાનો છોડ હશે તો એનાથી ચારિત્ર્ય નીચે પડતું અટકી જશે.

કૃષ્ણની આ વાત સાંભળીને ચારે પાંડવોને કલિયુગમાં કેવી સ્થિતિ હશે તે બરોબર સમજાઈ ગયું.

આજે આપણે પણ ભગવાન શ્રીકૃષ્ણએ બતાવેલા અર્થ સાથે સંમત થઈશું. બરોબર ને ?

✣ ✣ ✣

## POEM

✍ **Parth Bhavesh Mody**

With sleepless nights passing by,
My past haunts me thereby.
Harassing me against my will,
I revisit the haunted memories that still kill.
Imprisoned in my mind there it lies,
I hate myself even more as time flies.
For every visit, there leaves a piece of me behind,
Stuck in fading picture that still reminds.
With colours ripping away like every nerve on my body,
A fragment of me still persits in yesterday.
But now its just too much to bear
With an experience full of despair,
The pang of the lonliness still lies in the air.
As I try to move away,
An evil force tries to pulls me back,
It still cages me with no chance to escape.
The scream inside me waits for someone to unlock the dark cage,
To allow me to live my incomplete dreams with growing age.


**Yoga By Bankim Parikh**

**ONLINE YOGA SESSIONS**

**CONNECT WITH YOUR SOUL**

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

**Bankim : 9820434322**
**Shachi : 8097779825**

**RELEASE YOUR MIND AND BODY**


AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
elmex
SCI
ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
Innovative Power Solutions
SCI
TEKNIC
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## કોવિડ-૧૯ વર્તમાન પરિસ્થિતીની ગંભીરતા

*ગયા વર્ષથી જે રીતે કોવિડ-૧૯ વ્યાપક સ્તરે ફેલાઈ રહ્યો છે તે સૌ માટે ચિંતાનો વિષય બની ગયો છે. કોવિડ-૧૯ની આ વર્ષની બીજી લહેરે ઘણું ખેદાનમેદાન કરી નાખ્યું છે. આપણી જ્ઞાતિના ઘણા કુટુંબોએ સ્વજનો ગુમાવ્યા છે, કામકાજ બંધ થઈ ગયા છે અથવા નહીંવત જેવા રહી ગયા છે. ઘણાંને ઘર ખર્ચના વાંધા પડી ગયા છે. તો ઘણાં ને ઘર ચલાવવાના તમામ રસ્તા બંધ થઈ ગયા છે.*

*દરેકે પોતાની જાતને બચાવવા, સાજા-સારા રહેવા, માસ્ક પહેરવા, હાથ ધોવા, નાસ લેવા, બીજા થી બે મિટર દૂર ઉભા રહેવું વગેરે ઉપાયો સાથે નીતનવા પ્રયોગો ચાલુ રાખવા પડશે.*

*સમયની માંગ છે ઓન-લાઈન કામ કરવાનું, શિખવાનું, ચાલુ કરવાનું, ટેકનોલોજીનો ઉપયોગ કરી જીવનને નવી દિશામાં પ્રગતિ કરાવવાની પહેલ કરવાની છે.*

*કોરોના-લોકાડાઉનની પરિસ્થિતી એ ઘણું બરબાદ કરી નાખ્યું છે. કશું કાયમ હોતુ નથી એ સિધ્ધાંત ધ્યાનમાં રાખી હિંમત રાખો. શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તમારી સાથે જ છે. તમારું કુટુંબ એ સમગ્ર સમાજનું કુટુંબ છે. રોજ રોજની તકલીફો, લાચારીભર્યા ફોન-કોલ્સ, મેસેજથી અમારું હૃદય પણ દ્રવી ઉઠયું છે. કુદરતના ફટકાથી બધા ડરી ગયા છે, પરંતુ સંઘ તમારી પડખે છે. ડરશો નહીં, ગભરાશો નહીં. તમને તેમજ તમારા કુટુંબને બેઠા કરવા અમે પણ વૈકલ્પિક વ્યવસ્થા વિચારી રહ્યા છીએ. કોવિડ-૧૯ની આ તકલીફના દાતાઓનો જે અનન્ય સહકાર મળ્યો છે તે બદલ સર્વે દાતાઓનો ખુબ ખુબ આભાર. અમે જાહેર અપીલ કરીએ છીએ કે સમાજના અગ્રણીઓ, અન્ય ઉદારદિલ દાતાઓ તથા સર્વે હિતેચ્છુઓ સેવાના આ કાર્યમાં જોડાય જેથી સમાજના વધારેમાં વધારે કુટુંબીજનોને અમે આર્થિક રાહત પહોંચાડી શકીએ. જો આપણે સાથે રહીશું એકબીજાને મદદ કરી શું તો ચોક્કસ આપણે સાથે મળીને આ જંગ જીતી જઈશું, એની અમને ખાતરી છે.*

**મંત્રી - ભાવેશ મોદી - 9869080287     પ્રમુખ - સૌમિલ મોદી - 9920213426**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને કોવિડ રીલીફ ફંડ માટે પ્રાપ્ત થયેલ દાન

- ☆ એક શુભચિંતક તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-
- ☆ સ્વ. તારાબેન શાંતીલાલ કડકીઆના પરિવાર તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-
- ☆ હેમાબેન વિનીતભાઈ મોદી તથા શિલ્પાબેન ઉર્વિશભાઈ મોદી તરફથી રૂા. ૧૧,૦૦૦/-
- ☆ સ્વ. હેમા બંકીમ પરીખની પુણ્ય સ્મૃતિમાં શ્રી બંકીમ રજનીકાંત પરીખ તથા શચી તરફથી રૂા. ૧૦,૦૦૦/-

ઉપરોક્ત દાતાઓનો સંઘ આભાર માને છે.


entice
englaze
ORIS
enGem
Tripper™
ELCG + MCB Combination
MCB's & DB's
KEW
LS IS
Authorised Distributors :
L&T SWITCHGEAR
SAFE & SURE
Shivam Kadakia
Mob.: 79774 73064 • 99301 25548
Nilesh Kadakia
Mob.: 98192 17375
V.B.R. ELEC. & ENGG. CO.
27/33, Pathak Wadi, Ismail Bldg., Lohar Chawl, Mumbai-400002.
Tel.: 2208 7739 | 2206 2026 • Talk Free : *7724 • Email : v.b.r@mtnl.net.in • shivamkadakia71@gmail.com

# ધર્મ- વિવેક

✍ ડૉ. કુમુદ પ્રમોદ ધારિયા (લાલખા)

વિવેક શબ્દ ફક્ત આદરભાવ, વિનય, મર્યાદા જ વ્યક્ત કરે છે. આપણા શબ્દ કોષના ઘણા શબ્દો એવા છે જેમાંથી ફક્ત સન્માન ભાવ જ નિતરતો હોય; પવિત્રતા જ છલકાતી હોય; ભાષાની સમૃદ્ધિના સ્પંદનો રેલાતા હોય એવું પ્રતિત થતું હોય છે !

ગુજરાતી સાહિત્ય જગતનાં બે પાત્રો : ગંગાસતી અને એમની પૂત્રવધુ પાનબાઈ વચ્ચેનો એક સંવાદ ખૂબ જ સુંદર છે. ગંગાસતી પાનબાઈ ને જીવન જીવવાની કળા શિખવે છે.

**‘સ્થિરતામાં રહેજો, વચને ચાલજો, રાખજો રૂડી રીત,**
**ધીખ ધીખતી ધરતી જુઓ ત્યાં પાથરી દેજો પ્રીત’**

ખરેખર સૃષ્ટિમાં સૌથી મહત્વનું આચરણ કાંઈ હોય તો તે આ જ છે. આ જ ‘ધર્મ’ છે અને આ જ ‘વિવેક’ છે. આમાં ‘ધીખધીખતી ધરતી’ કુદરતી મોસમને કારણે ધીખતી ધરતીની વાત નથી. વાત છે માનવીના અસહાય દર્દની, સાંસારિક, પારિવારિક, વ્યાપારિક જવાબદારીઓની, સંબંધોની, વિશ્વાસની. કહેવાય છે ને કે ‘શરીર’ હોવાનું પ્રતિક ‘શ્વાસ’ છે. તેમ ‘સંબંધ’ હોવાનું પ્રતિક ‘વિશ્વાસ’ છે. આપણે અજાણ્યાની વાત ન કરી એ પરંતુ જે સંબંધો આપણા છે એને પ્રેમના ખાતરથી પોષી શકીએ એ કોશિષ તો આપણી હોવી જ જોઈએ. સાચું વિશ્વાસધામ તો એ જ કહેવાય છે જ્યાં વિશ્વાસ મુકાયા પછી શ્વાસ કદી અધ્ધર ન થાય આ જ છે ‘પ્રીત પાથરી દેવાની વાત’ બીજાને શાતા આપવાની વાત. બીજાના આંસુ લુછવાની વાત. બીજાના દર્દને શબ્દો વગર પણ સમજી શકીએ એની વાત આંખ રડતી હોય તો દેખાય, પણ દિલ રડતું હોય ત્યારે ? કુદરતનો દરેક જીવંત અંશ દા.ત. નદી, ઝરણા, વૃક્ષ વિગેરે નિસ્વાર્થ ભાવે સૃષ્ટિનો ‘લય’ જાળવીને બીજાને હુંફ આપીને પ્રકૃતિનું ઋણ ચૂકવે છે તો આપણે પણ એ કરી જ શકીએ. બીજાના દુઃખ-દર્દને મહેસુસ કરીને પ્રેમની મીઠાશથી સામગ્રી બનાવી પ્રસાદ રૂપે વાંટી જ શકીએ.

આના સંદર્ભમાં એક લેખકની સુંદર કલ્પના છે. એક વખત ‘ચંદ્ર’ ને કોઈએ સવાલ કર્યો કે સૂર્યમાં રોશની છે તેથી તે ખૂબ જ ઉગ્ર છે અને તપે છે. રોશની તો તારામાં પણ છે, પરંતુ તું તો ખૂબ જ શિતળ છે અને શાતા આપનારો છે. તો આમ કેમ ?

ચંદ્રનો જવાબ જાણવા જેવો છે. ચંદ્ર કહે છે,‘મારી રોશની મારી પોતાની નથી. એ તો મેં સૂર્ય પાસેથી જ ગ્રહણ કરી છે. મારું કંઈ હોય તો મને તપવાનો, અભિમાન દાખવવાનો અધિકાર હોય. સૂર્યએ મને શિતળ રોશની એટલે જ આપી છે કે હું બીજાને શિતળતા આપી શકું. મારા માટે તો એ ગર્વ લેવાની વાત છે કે સૃષ્ટિના પાલનકર્તાએ મને સાધન બનાવ્યો.

બસ આપણે આપણા દરેક કાર્ય સાથે સૃષ્ટિના રચયિતા ને જોડી દઈએ, માનસિક સ્તરે નમ્રતા, સ્થિરતા કેળવી લઈએ એ જ તો જીવનનો ધ્યેય છે.

ઈશ્વરની લીલીછમ નજરુંની છાયામાં રહેવાનો કદાચ આ જ તો પથ છે.

આ જ તો નિસ્વાર્થ માર્ગ છે અને આજ તો ‘ધર્મ-વિવેક’ છે.

❖ ❖ ❖

## ઘર મારું

✍ ડૉ. કુમુદ પ્રમોદ ધારિયા (લાલખા)

અત્યારના કોરોના મહામારીના સમયમાં આપણને સાચવી શકે એ ફક્ત આપણું ઘર છે. હા... માસ્ક, એકબીજા થી દૂરી, વારંવાર હાથ ધોવા... વિગેરે... પણ જરૂરી. પરંતુ સૌથી વધુ મહત્વ તો આપણા ઘરનું જ છે. આપણું ઘર જ આપણી નાનકડી સૃષ્ટિ છે.

ઘર મારું : મને ઓળખતું
મારી સાથે હસતું : મારી સાથે રડતું,
મારો કેડો ન મુકતું : મને સમજતું
મારી લાગણીઓને સંકોરતું
આવેશમાં ઉઠેલા મારા કદમને રોકતું
પ્રસંગે રણઝણી ઉઠતું
તોરણે બંધાતું : સાથિયે પુરાતું
મારું ઘર ફક્ત મારું....

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**

## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERTFIED CO




BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

# મરી



✍ **નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)**

**કાળી મરી એક મસાલો જ નહિ પરંતુ એક ઉત્તમ ઔષધિ પણ છે. ચાલો આજે આપણે જાણીયે તેના વિશેષ રોચક તથ્યો !!**

કાળા મરીનો ઉપયોગ ભારતીય રસોડામાં એક મહત્વનાં તેજાનાં તરીકે થાય છે. આપણા પૂર્વજોએ પૂરા પાડેલાં મરી-મસાલા અને તેજાનાનો યોગ્ય માત્રામાં અને યોગ્ય સમયે ઉપયોગ કરવામાં આવે તો અનેક રોગોથી બચી શકાય છે.

કાળી મરીએ ત્રિદોષ નાશક છે. આપણા શરીરનું બંધારણ જે વાત, પિત્ત અને કફથી થયું છે, તે ત્રણને અંકુશમાં રાખવા માટે કાળા મરીનો ઉપયોગ અનિવાર્ય રહ્યો. કાળા મરી સ્વાદે ભલે તીખા રહ્યા પણ શરીરને ઠંડક આપનારા છે. દિવસને જો સવાર, બપોર અને સાંજ એમ ભાગ પાડીએ અને આપણા જીવનનાં તબક્કાવાર બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થામાં ભાગ પાડીએ તો તે પ્રમાણે કાળા મરીનો ઉપયોગ કરીને નાના-મોટા રોગોથી બચાવી શકાય છે.

તેથી, બાળપણ એટલે કે બાળકોને સવારે ઉઠતાની સાથે નરણા કોઠે, જુવાન કે ૫૦ થી ઓછી વયનાં હોય તેમણે બપોરે એટલે કે મધ્યાહન સમયે અંદાજે બપોરે ૨ થી ૪ ની વચ્ચે અને વૃદ્ધત્વ ધરાવતાં એટલે કે ૫૦ થી ઉપરની વયવાળાએ સાંજે સૂર્ય આથમ્યા સાથે ૨ થી ૫ મરીનાં દાણાં ગળી જવા જોઈએ. સ્વાદમાં તીખાં હોવાથી તેનું ચૂર્ણ કરવું અને સેવન કરવું થોડુ અઘરું પડી શકે છે, પણ દવાની જેમ ગળી જવાથી શરીરનાં ત્રણે વાત, પિત્ત અને કફને નિયંત્રણમાં રાખી શકાય છે.

કાળા મરી (પાઈપર નાઈગ્રમ) જેને 'મસાલાનો રાજા' કહેવાય છે, તે 'બ્લેક ગોલ્ડ' તરીકે પણ વિખ્યાત છે. મરીનો છોડ લાકડાં પર ચડતા વેલાના સ્વરૂપમાં હોય છે અને ૧૦ મીટર ઊંચાઈ અથવા લંબાઈ સુધી વધે છે. આ છોડનો ઉપયોગી હિસ્સો એ તેનું ફળ (પેપર બેરીઝ) છે. તે દક્ષિણ ભારતમાં જોવા મળે છે તથા દક્ષિણ પૂર્વ એશિયામાં તેમજ બ્રાઝિલ અને મડાગાસ્કરમાં વ્યાવસાયિક રીતે ઉગાડવામાં આવે છે. તે આંતરરાષ્ટ્રીય સ્તરે થતા વેપારમાં સૌથી મહત્વનો તેજાનો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે થતા વેપારના વોલ્યુમ અને મૂલ્ય બંનેની દૃષ્ટિએ એક-તૃતીયાંશ જેટલો હિસ્સો ધરાવે છે. તેનું સૂકવેલું ફળ મરી (પાઈપર નાઈગ્રામ લિનન) તરીકે ઓળખાય છે. ભારતના પૂર્વ-ઐતિહાસિક સમયગાળા પછીથી અત્યાર સુધીમાં વાણિજ્ય અને વેપારની દૃષ્ટિએ મરીને સૌથી મહત્વની કૃષિ કોમોડિટી તરીકે ઓળખવામાં આવે છે. મોટાભાગના ભારતીય મરીનું ઉત્પાદન કેરળ અને કર્ણાટકમાં થાય છે.

ભારત મુખ્યત્વે વિયેતનામ, શ્રીલંકા અને ઈન્ડોનેશિયા અને ક્યારેક-ક્યારેક બ્રાઝિલમાં મરીની નિકાસ કરે છે. મોટે ભાગે દેશમાં આયાત કરાયેલી મરીને આખા કાળા મરીના રૂપમાં ફરીથી નિકાસ કરવામાં આવે છે. કેટલાક આયાતી મરીનો ઉપયોગ મૂલ્યવર્ધિત ઉત્પાદનો જેવા કે ઓલેઓરેસિન્સ, મરીના પાવડર વગેરે માટે કરવામાં આવે છે.

વરસાદના દિવસોનો પ્રારંભ થાય એટલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય. આ ઠંડક માત્ર બાહ્ય રીતે જ નહીં પણ શરીરની અગ્નિને પણ મંદ કરી નાખતી હોય છે. ખુશનુમા મોસમને કારણે આપણને ભજિયાં-ફરસાણ ખાવાનું મન થાય, પરંતુ એ ભારે ચીજો પચાવી શકે એવી પ્રબળ પાચનશક્તિ રહેતી નથી. અપચાને કારણે વાયુની તકલીફો વધે છે. તમે જોયું હશે કે વરસાદની સિઝનમાં સાંધાના દુખાવાની ફરિયાદો તેમજ

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક – એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શૉપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫

પેટની ગરબડ વધી જાય છે. આ બંને રોગો વાયુ પ્રકોપને કારણે જ વકરે છે. આથી આ સિઝનમાં હેલ્ધી રહેવું હોય તો ઉષ્ણ અને વાયુહર ચીજોનું સેવન કરવું જોઈએ. ખોરાકમાં ઉષ્ણ ચીજો લેવાથી પાચનશક્તિ સુધરે છે અને પાચન સારી રીતે થવાથી વાયુની તકલીફ મટે છે.

ઉષ્ણતા માટે મરીનો ઉપયોગ કરવો જોઈએ. મરી બે જાતનાં હોય છે - સફેદ અને કાળાં. સફેદ મરી સ્વભાવે તીખાં, રસાયણ, પાચક અને પિત્તનું સરણ કરે છે. કાળાં મરી તીખાં, કડવા, ઉષ્ણ, રુચિકર, રુક્ષ, પોષક અને પિત્ત કરે છે. એ વાત, વાયુ, કફ, કૃમિ, પ્રમેહ અને અર્શનો નાશ કરે છે. ઉત્તર ભારતમાં લોકો મરચાંને બદલે મરીનો ઉપયોગ વધુ કરે છે એટલે એને કાલી મિર્ચ કહેવાય છે. મરી પ્રમાણમાં ઓછા દાહક અને વધુ ગુણકારી છે એટલે મરચાંને બદલે મરી વાપરવાં હિતકારી છે.

મરીના કેટલાક ઉપયોગો જોઈએ, શરદી-સળેખમમાં ગરમ દૂધમાં મરી અને સાકર નાખીને આપવામાં આવે છે. મલેરિયામાં મરીનાં ચૂર્ણમાં તુલસીનો રસ અને મધ મેળવીને આપવામાં આવે છે. આ સિઝનમાં અઠવાડિયામાં એકવાર આ મિશ્રણ લેવામાં આવે તો મલેરિયા સામે રોગ પ્રતિકારક શક્તિ વધે છે. સામાન્ય તાવમાં મરીને પાણીમાં ઉકાળી, એમાં સાકર નાખીને પીવડાવવામાં આવે છે. નાકમાં મરીનું ચૂર્ણ ફૂંકવામાં ફાયદો થાય છે. ચોમાસામાં કોઈપણ વાનગીમાં મરી ભભરાવીને લેવાથી પાચન સુધરે છે. સૂપ અને સલાડમાં કાળાં મરીનો પાઉડર અચૂક ભભરાવશો.

સંગ્રહણી, હરસ, ઉદરરોગ, મંદાગ્નિ અને આફરો હોય તો મરી, ચિત્રક અને સંચળનું ચૂર્ણ બનાવી છાશમાં નાખીને પીવડાવવું. શીત પિત્તમાં મરીને ઘીમાં વાટીને એનો લેપ કરવાથી ફાયદો થાય છે.

પરંતુ સવાલ એ છે કે મરી કેટલી માત્રામાં લેવા જોઈએ ? રોજ ત્રણથી ચાર કાળાં મરીનો પાઉડર ખોરાક પર ભભરાવીને લઈ શકાય.

મરીનો ઉપયોગ કબજીયાત, અતિસાર, કાનના દુ:ખાવા, શરીરના કોઈપણ ભાગના સડામાં, હૃદયની બિમારીમાં, સારણગાંઠમાં, અવાજના ધોધરાપણા, અપચો, જંતુઓના ડંખ, અનિદ્રા, સાંધાના દુ:ખાવા, યકૃતની સમસ્યા, ફેફસાની બિમારીમાં, મોઢામાં પરું થવું, સૂર્યથી ચામડીની દાહ, દાંતના સડા અથવા દાંતના દુ:ખાવા જેવા રોગોનો ઉપચાર કાળા મરી કરે છે. આમ જ પરંપરાગત ભારતીય ઔષધિઓમાં જેમકે ગળામાં દુ:ખાવો, રક્તાવરોધ, કફ જેવા રોગોમાં ઘરઘથ્થુ ઉપચાર તરીકે મોટા પાયે કાળા મરી અથવા પાઉડર કે તેના ઉકાળાનો ઉપયોગ કરવામાં આવતો.

બૌદ્ધ ગ્રંથ સમંફલા સૂતના પાંચમાં પ્રકરણમાં મરીનો દવા તરીકે ઉપયોગ જોવા મળે છે. બૌધ ભિક્ષુક જે થોડી ઔષધીઓને સાથે લઈ શકે છે તેમાં મરી પણ સામેલ છે.


કાળા મરીમાં રહેલું પિપરિન એ ગરમી પેદા કરનાર તત્ત્વ તરીકે વર્તે છે. તે ચરબીમાં ગરમી પેદા કરે છે અને શરીરમાં ચયાપચયના ઉર્જાની વૃદ્ધિ કરે છે સાથે મગજમાં બીટા-એન્ડોર્ફીન અને સેરટોનિનની વૃદ્ધિ કરે છે. કાળા મરીમાં રહેલા પિપરિન સહિતના બીજા ઘટકો પાંડુરોગની સારવારમાં મદદરૂપ સાબિત થઈ શકે છે.

✣ ✣ ✣

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે છેલ્લાં ૬૫ વર્ષમાં સૌ પ્રથમ વાર જ જ્યોતિપુંજના આ વખતના અંકનું Cover page 3D Effect વાળુ જ્યોતિપુંજના તંત્રીમંડળના સહકારથી બનેલ છે.

**મંત્રી - ભાવેશ મોદી　　તંત્રી - બંકિમ પરીખ**


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
Concealed Metal Boxes
For
Modular Series
CONCEALED METAL BOX
CLETA
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
ESTD : 1958
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

# મહાકાય હાથી

✍ નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

હાથી ઉપર લખવું હોય તો હાથીની ત્રણ-ચાર કવિતા શરૂઆતમાં લીધા વગર તેના વિશે લખી જ ના શકાય.

પહેલી કવિતા - કવિ રમેશ ત્રિવેદીની છે જે વાંચતા ખૂબ જ આનંદ થશે.

એક હતો બગલો
નામ એનું ભગલો, તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
કાળો કાળો ડગલો,
ડગલો પહેરે બગલો, તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
બગલો બન્યો વકીલ,
કીડી બોલી, હું અસીલ ! તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
હાથી સામે કરો કેસ,
ખેંચ્યા એણે મારા કેશ તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
બગલો કહે, રડ નહીં,
હાથીડાથી ડર નહીં, તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
બંદા વકીલ હીરો છે,
હાથીડો તો ઝીરો છે, તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
પોલીસને બોલાવું છું
જેલમાં પુરાવું છું તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
બોલો વાત એવી શી,
પછી જોવા જેવી થઈ, તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
વાત સુણી ગુસ્સે થયો,
હાથી બગલા કને ગયો, તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
સૂંઢથી ઊંચે પહોંચાડયો,
ધડમ દઈને પછાડયો, તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
બગલો બોલ્યા, બાપ રે !
ખાધી મેં તો થાપ રે ! તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
કીડી, કીડી મારું માન,
કરી લે તું સમાધાન, તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
બળીયા સામે પડીએ નહીં,
ખાલી ખોટા લડીએ નહીં, તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
હાથી ભૈ નાં જોઈ રુપ,
કીડી ભાગી ગુપચુપ, તાળી લ્યો, ભૈ તાળી લ્યો !
પૂંઠે ભાગ્યો બગલો
ફેંકી દઈને ડગલો, તાળી લ્યો, ભૈ તાળી લ્યો !

અને બચપણમાં આપણે સૌએ નીચે લખેલી કવિતા વાંચી કે સાંભળેલી જ હશે.

(૧)

હાથીભાઈ હાથીભાઈ ધમ ધમાધમ ચાલે,
હાથીભાઈ હાથીભાઈ લાંબી સૂંઢ હલાવે....
હાથીભાઈ હાથીભાઈ જાડા પાડા લાગે,
હાથીભાઈ હાથીભાઈ તીણી ચીસો પાડે,
હાથીભાઈ હાથીભાઈ મોટા કાન હલાવે...
હાથીભાઈ હાથીભાઈ સર્કસમાં દડો ઉડાડે,
હાથીભાઈ હાથીભાઈ સાયકલ પણ ચલાવે....
હાથીભાઈ હાથીભાઈ ડૉક્ટર થઈને આવે,
હાથીભાઈ હાથીભાઈ દર્દીને તપાસે....
હાથીભાઈ હાથીભાઈ મદનીયાં સાથે ચાલે,
હાથીભાઈ હાથીભાઈ બાળકને હસાવે...
હાથીભાઈ હાથીભાઈ ધમ ધમાધમ ચાલે !!

(૨)

જાડો પાડો હાથી, સૂંઢમાં લાવ્યો પાણી,
પાણી સાવ ગંદુ, સામે આવ્યો ચંદુ,
ચંદુની ચોટલી, બા બનાવે રોટલી,
રોટલીના કટકા, ચંદુભાઈ છે બટકા

(૩)

હાથીભાઈ તો જાડા, લાગે મોટા પાડા
આગળ ઝૂલે લાંબી સૂંઢ, પાછળ લટકે ટૂંકી પૂંછ
સુપડા જેવા કાન છે,થાંભલા જેવા પગ છે
હાથીભાઈ તો જાડા, લાગે મોટા પાડા

હાથી એક મોટું સ્થૂળ શરીરનું સૂંઢવાળું પ્રાણી છે. તેને માતંગ, સારંગ, વારણ, હસ્તી, કરી, દંતી, શુંડાલ, ગયંદ, કુંજર, ઈભ, સિંધર, દ્વિરદ, વ્યાલ, કુંભી, દ્વિપ કરીકે પણ ઓળખવામાં આવે છે.

સૌ પ્રથમ કહી દઉ કે ‘હાથી જીવે તો લાખનો અને મરે તો સવાલાખનો’ આ વાત આપણે સૌએ આપણા બાપ-દાદા પાસેથી સાંભળી જ હશે.

**SHAH & SHAH ENTERPRISE**

1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.

022 - 2201 7283 info@shahent.co.in www.shahent.co.in

+91-98198 17568 / 98670 13920 Lohar Chawl Talk Free Extension – *743

Authorized Stockists:

MERSEN

*Expertise, our source of energy*



Solar PV Fuse Time Delay Fuse Midget Fast-Acting Fuse UltraSafe™ FuseHolder



Protistor fuse (all sizes) BS Semiconductor fuse Semiconductor SPDs

D-Link®

Building Networks for People



હાથીનું મૂળ સ્થાન એશિયા અને આફ્રિકા ખંડ છે. મોટા ભાગે દરેક બાળકોને હાથી મનપસંદ જ હોય છે. બધાં જાનવરોમાં હાથી આકારમાં સૌથી મોટું છે. તેનું શરીર ગોળાકાર અને જાડું છે, છતાં તે બહુ ચપળ હોય છે. હાથી સ્વભાવે શાંત છે, તેની ઊંચાઈ આશરે ૧૦ થી ૧૨ ફૂટની હોય છે. તેનું મુખ્ય લક્ષણ તેની સૂંઢ છે. તે સ્નાયુમય માંસની બનેલી હોય છે. તે સૂંઢને જોઈએ તેવી રીતે વાળી કે લંબાવી શકે છે. તેની બોચી ટૂંકી, કાન સૂપડા સરખા, ડોળા ઘણા જ નાના, દંતશૂળ મોટા, પગ મોટા થાંભલા જેવા, ચામડી ઘણી જાડી, પુંછડી ટૂંકી અને બારીક તથા છેડે વાળના જથ્થાવાળી હોય છે. તેની ખોપરી બીજા પ્રાણીઓના પ્રમાણમાં ભારે હોત તો તે ઉપાડવી હાથીને પણ ભારે થઈ પડત, પરંતુ હાથીની ખોપરીનું હાડકું અદ્‌ભૂત રીતે હલકું છે. તેનું હાડકું હવાના ગૃહોથી ભરપૂર છે. આ હવાના ગૃહથી ખોપરી હલકી રહે છે અને તેથી સૂંઢના સ્નાયુઓથી ભારે અવયવો તેને ઉપાડવા સરળ થઈ પડે છે.

કલેશ રહિત અને ગર્વિષ્ઠ હાથણીમાં જુવાન હાથીથી, ગર્ભમાં કંઈ કલેશ ન થયો હોય તો મજબૂત હાથી ઉત્પન્ન થાય છે. આવો હાથી જિંદગી પર્યંત મદોક્તટ રહે છે અને તેમાં એકે દોષ ઉત્પન્ન થતા નથી. માતા ક્ષીણ હોય અને હાથી પણ મદરહિત હોય તો તેનાથી ઉત્પન્ન થયેલો હાથી જિંદગીમાં કદી મદને પ્રાપ્ત કરતો નથી અને તે પ્રવૃત્તિમાં દુર્બળ રહે છે. હાથીની ગર્ભાવસ્થાની મુદ્દત ૬૧૫ દિવસની ગણાય છે. હાથીનું આયુષ્ય સાધારણ રીતે ૧૦૧ વર્ષ ગણાય છે.

**હાથી આઠ જાતના હોય છે.**

(૧) **ઐરાવત** : જે હાથીનું શરીર પાંડુર હોય, દાંત લાંબા અને ધોળા પુષ્પ જેવા હોય, રૂંવાટાં ન હોય, બળયુક્ત, મોટા કદના, નાના પણ પુષ્પલિંગવાળા, લડાઈમાં ક્રોધયુક્ત, અન્ય સાથે શાંત, થોડું પાણી પીનારા, પુષ્કળ મદને ઝરનારા, પૂછડે નાના વાળવાળા હોય તેવા હાથી ઐરાવત કુળના કહેવાય છે.

(૨) **પુંડરીક** : જેનાં શરીર કોમળ હોય, લમણાં ખરસટ હોય, મદઝરતા હોય, નિરંતર ક્રોધમાં જ રહેતા, સર્વભક્ષી, બલયુક્ત, તીક્ષ્ણ દાંતવાળા હાથી પુંડરીક કુળના કહેવાય છે.

(૩) **વામન** : જેનાં શરીર ઠીંગણાં અન ખરસટ હોય, કોઈ વખતે જ મદ ઝરે, ખોરાકને લઈને જ બળયુક્ત રહે, બહુ જળ નહિ પીનારા, લમણાંમાં ઘણાં રૂંવાડાવાળાં, દાંત કદરૂપા, જાતે કરૂપડા હોય તથા કાન અને પૂંછડા ટૂંકા હોય તે વામન વંશના સમજવા.

(૪) **કુમુદ** : જેનાં શરીર લાંબા, સૂંઢ લાંબી અને પાતળી, દાંત ખરાબ, શરીર મળથી ભરેલા, બહુ વિશાળ લમણાવાળા તથા કલ્હપ્રિય હોય તે હાથી કુમુદ વંશના કહેવાય છે.

(૫) **અંજન** : જેનાં શરીર સ્નિગ્ધ હોય, જલની અભિલાષાવાળા, મોટા કદના દાંત તથા સૂંઢ પાતળી તથા નાની શ્રમ વેઠી ન શકે તેવા હાથી અંજન વંશના કહેવાય છે.

(૬) **પુષ્પદંત** : જે હાથી નિરંતપ વીર્ય અને મદઝરતા હોય. અનુપદેશમાં જેનું જોર ફાવે, જે મોટા વેગવાળા તથા ટૂંકા પૂંછડાવાળા હોય તેને પુષ્પદંત કુળના સમજવા.

(૭) **સાર્વભૌમ** : લાંબા દાંતવાળા, ઘમાં રૂંવાટાંવાળા, ભટકવામાં થાકે નહિ, ખાનપાન વગેરેમાં અત્યંત આસક્ત નહિ એવા, મરુ પ્રદેશમાં ફરનારા, મોટા શરીરવાળા, કર્કશ અંગવાળા, દાંત મૃદુ અને ધોળા, વિષ્ટ મૂત્ર ઓછા કરતા હોય તેવા હાથી સર્વભૌમ કુળના કહેવાય છે.

Selected Business Superbrand INDIA 2006 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS




● Electrical Wires – Housegard & Hotgard ● Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard ● Single & Multi Core Flexible Cables ● Single Core Flexible Cables for UPS Cabling ● PVC Winding Wires & 3-Core Flat Cables ● Trunk & Distribution CATV Cables ● Branch & Drop Co-axial Cables ● 105°C Temperature Resistant Auto Cables ● Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components ● Telephone & Switchboard Cables ● Power & Control Cables ● Jelly Filled Telephone Cables ● Optic Fibre Cables ● PVC Sheets ● Finoswitch Electrical Switches - Premium & Classic ● Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 ● 2208 7429 ● 2206 5726 ● 6637 7929**
**● E-mail : sales@pushtiindia.com ● Fax : 2206 7929**
**● Web.: www.pushtiindia.com**

(૮) **સુપ્રતીક** : જેની સૂંઢ લાંબી, અવયવો પ્રમાણસર, મોટા વેગવાળા, ક્રોધથી ભરેલા, સારું ખાનારા, હાથણીઓના પ્રેમવાળા, પ્રવૃદ્ધ ગંડસ્થળવાળા હોય તેને સુપ્રતીક કહે છે.

ગુણ ઉપરથી હાથી બાર જાતના હોય છે. તેમાંથી થોડાઓનાં લક્ષણ આ પ્રમાણે છે.

(૧) રમ્ય પ્રમાણસર વિભાગયુક્ત અવયવોવાળા, પુષ્ટ, સુંદર દંતવાળો, અતિમહાન, તેજસ્વી હાથી રમ્ય કહેવાય છે. આ હાથી સંપત્તિ વધારનારો છે.

(૨) ભીમ અંકુશના પ્રહારથી જે ડરતો નથી એ ભીમ કહેવાય છે. તે રાજાના સર્વ અર્થનો સાધક છે.

(૩) ધ્વજ સૂંઢના અગ્રભાગથી પૂંઠડા પર્યંત જેને રેખા હોય તેને ધ્વજ કહે છે. તે સામ્રાજ્ય અને પ્રાણને આપનારા છે.

(૪) અધીર જેના લમણાં સરખાં પણ કર્કશ હોય તેના ઉપર રૂંવાટાંવાળા ગુચ્છ હોય તે અધીર કહેવાય છે. તે રાજાઓનો નાશ કરનારા છે.

(૫) વીર જેના પૃષ્ઠથી નાભિ સુધી રૂંવાડાંનું ગુચ્છ હોય, પુષ્ટ શરીરવાળો તથા બળવાન હોય તેને વીર કહે છે. તે રાજાઓને ઈષ્ટપ્રદ છે.

(૬) શૂર મોટા કદનો પુષ્ટ અંગવાળો, સુંદર દાંત તથા લમણાવાળો, ખાતાં ખાતાં થાકી જાય તેવો હાથી સૂર કહેવાય છે. તે લક્ષ્મીનો વર્ધક છે.

(૭) અષ્ટમંગલ દાંત, પુચ્છ, રેખા અને નખ સ્વચ્છ શ્વેત હોય તે અષ્ટમંગળ કહેવાય છે. આ હાથી જેને હોય તે સર્વ પૃથ્વીનો માલિક થાય છે.

(૮) સુનંદ

(૯) સર્વતોભદ્ર

(૧૦) સ્થિર

(૧૧) ગંભીર વેદી

(૧૨) વરારોહ

આ સિવાય હાથીને બીજા ચાર પ્રકારે એટલે કે તેની ઊંચાઈ પરથી ઓળખાય છે.

૧. સંકીર્ણ જે હાથી છ હાથ ઊંચો હોય તે સંકીર્ણ જાતિનો કહેવાય છે.

૨ મંદ જે હાથી સાત હાથ ઊંચો હોય તેને મંદ જાતિનો સમજવો.

૩. મૃગ જે હાથી આઠ હાથ ઊંચો હોય તે મૃગ જાતિનો કહેવાય છે.

૪. ભદ્રજાતિ નવ હાથી ઊંચો હાથી ભદ્રજાતિનો હાથી કહેવાય છે.

ભદ્રજાતિનો હાથી સર્વ જાતિઓના હાથીમાં ઉત્તમ જાતિનો હાથી કહેવાય છે.

શહેનશાહ અકબરે હાથીના સાત વર્ગ પાડયા હતા.

૧. ભર જુવાનીમાં આવેલ પ્રથમ દરજ્જાના હાથીને મસ્ત કહે છે.

૨. સિંહ, વાઘ વગેરેની સાથે લડાઈમાં ઊતરનાર હાથીને શેરગીર કહે છે.

૩. ભરજુવાનીમાં આવેલો પણ સામાન્ય ઉપયોગમાં લઈ શકાય એવો સરલ સ્વભાવનો હાથી સાદો હાથી કહેવાય છે.

૪. મધ્યમ કદના હાથીને મંઝોલા નામ આપેલ છે.

૫. મંઝોલથી નાની ઉંમરના અને ઓછા કદના હાથીને ખડા કહે છે.

૬. ખડાથી પણ નાની ઉંમર અને કદના હાથીને બંદરકિયા કહે છે.

૭. હાથીના નાનાં બચ્ચાને મોકલ કહે છે. તેના ઉપર સવારી કરવામાં આવતી નથી.

**હાથીનાં સાજ-શણગાર**

(૧) **ધરણા** – સાઠ લંબગોળ કડીવાળી સાંકળ. દરેક કડીનું વજન ત્રણ શેર હોય છે. સાંકળનો એક છેડો જમીનમાં થાંભલો નાખી તે સાથે બાંધવામાં આવે છે અને બીજો છેડો હાથીના પાછલા ડાબા


KIRLOSKAR
GREEN
POWER IDEAS
IMPALA
Sintex
penta
HONDA
POWER EQUIPMENT
Captain
ESPA
BOSCH
PREMIUM
HAVELLS
Falcon
C.R.I. PUMPS
Einhell
SHAKTI
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

પગે બંધાય છે. આ સાંકળ લોઢાની તેમ જ સોનાની બને છે.

(૨) **અંદૂ** – હાથીના આગલા બે પગે બાંધવાની સાંકળ

(૩) **બેડી** – હાથીના પાછલા બે પગે બાંધવાની સાંકળ

(૪) **બલંદ** – હાથીના પાછલા બે પગે બાંધવાની બેડી. એ બાંધવાથી હાથી ચાલી શકે પણ દોડી શકે નહિ.

(૫) **ગઢબેડી** – આ બેડી અંદૂનાં જેવી, પણ તેથી વધારે મજબૂત હોય છે. તે મસ્ત અને તોફાની હાથીને નાખવામાં આવે છે.

(૬) **લોહ લંગર** – લાંબી સાંકળ. તેનો એક છેડો હાથીના જમણા આગલા પગે બાંધામાં આવે છે અને બીજો છેડો ખૂંટા સાથે બાંધવામાં આવે છે અને બીજો એક છેડો બંટા સાથે બાંધવામાં આવે છે. હાથી મસ્તીમાં આવે ત્યારે આ લંગર તેને લગાડવામાં આવે છે.

(૭) **ચરખી** – તે પોલા વાંસની બનાવવામાં આવે છે. તેમાં દારૂ ભરાય છે. વચ્ચે એક કાણું રાખવામાં આવે છે. તે સળગાવવાથી ચક્કર ચક્કર ફરે છે. હાથી તોફાને ચડયો હોય ત્યારે ચરખી સળગાવીને તેની આગળ ધરવાથી તે શાંત પડી જાય છે.

(૮) **અંધિયારી** – તે દોઢ વાર ઓરસ ચોરસ કંતાનનો કટકો હોય છે. હાથી મસ્તી કરે ત્યારે તે તેના મોઢા આગળ ઢાંકવામાં આવે છે. તેને ત્રણ ટોકરી બાંધવામાં આવે છે.

(૯) **કલાવા** – એ ઘણાં દોરડાંને એકત્ર ગૂંથીને બનાવાય છે. તે દોઢ વાર લાંબો હોય છે. હાથીની ગરદન આસપાસ બાંધવામાં તે આવે છે. તેમાં મહાવત પગ રાખીને બેસે છે.

(૧૦) **કનાર અંકુશ** – લોઢાની આ આંકડી કલાવામાં અથવા મસ્તી કરે ત્યારે તેના કાન પાછળ ભોંકવામાં આવે છે.

(૧૧) **દોર** – આ જાડું દોરડું હાથીની પૂંછડી થી ગળા સુધી બાંધવામાં આવે છે.

(૧૨) **ગદેલા** – ગાદી એ હાથીની પીઠ ઉપર નાખવામાં આવે છે. જેથી તેની પીઠ છોલાય નહિ.

(૧૩) **પીછવા** – દોરડાનો પટ્ટો. હાથીની જાંઘ ઉપર બાંધવામાં આવે છે. ભોઈ લોકો તે ઉપર ઊભા રહી ગોળી ફેંકે છે.

(૧૪) **ચૌરાસી** – બનાતના આ પટ્ટા ઉપર ટોકરીઓ સીવેલી હોય છે. તે હાથીના ગળામાં અને પીઠ પાછળ શોભાને માટે બાંધવામાં આવે છે.

(૧૫) **પીઠ કચ્છ** – હાથીની બંને છેડે એક ઘંટ બાંધેલો હોય છે.

(૧૬) **પાખર** – પોલાદનું બખતર. તે હાથીના આખા શરીરને ઢાંકે છે. માથા અને સૂંઢને માટે જુદા કટકા હોય છે.

(૧૭) **ગજઝંપ** – ત્રણ પરદાવાળી ઝૂલ. તે પાખર ઉપર ઢાંકવામાં આવે છે. તેને છેડે શોભાને માટે કિનારી સીવેલી હોય છે.

(૧૮) **મેઘાડમ્બર** – મહાવતનું ટાઢ તડકાથી રક્ષણ કરવા માટે છત્રના જેવું આ સાધન હાથી ઉપર નાખવામાં આવે છે.

(૧૯) **રામપિયાલા** – કિનખાબ અથવા મખમલનો સુશોભિત કટકો. તે હાથીના કપાળ ઉપર બાંધવામાં આવે છે.

(૨૦) **પાયરેજન** – હાથીને પગે બાંધવામાં આવતા ઘૂંઘરા.

**(અનુસંધાન પાના નંબર - ૨૭)**

# Mediclaim

## Cashless - Policy

**Entry Age Till 75 Yrs**

**No Medical Test Required**

**Special Plan for**

- ★ Diabetes Patients
- ★ Cancer Patients
- ★ Heart Patients
- ★ Senior Citizen
- ★ Family Floater

**Hardik Nalin Suthar**

**Call - 8655886011 / 9769454999**

# આત્મ પ્રાપ્તિ અને આત્મજ્ઞાન

✍ કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

અલ્પ સમયની શાંતી, થોડા સમયમાં જ પુનઃઅશાંત થઈ જાય છે. અશાંતિનું મૂળ કારણ તેના અંતરમાં રહેલી વાસનાઓ-ઈચ્છાઓ છે. આ ઈચ્છાઓ જન્મ લેવાનું મૂળ કારણ મન છે. જ્યારે મન અસ્થિર થાય છે, ત્યારે વ્યક્તિ અશાંત બની જાય છે. આધુનિક સમયમાં મનને સ્થિર કરવાના ઘણા ઉપાયો બતાવાય છે, પણ તે મનને થોડા સમય માટે સ્થિર કરે છે. પ્રયત્નો કરવા મનુષ્યનો ધર્મ છે, પણ ફળની આશા તેના હાથમાં નથી.

અનેક દારુણ પરિસ્થિતિમાં મીરાં, નરસિંહ મહેતા જેવા ભક્તો પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપમાં જોડાવાથી સ્થિર થઈ જતા જોયા. તેઓએ ભગવાનમાં લુપ્ત થઈ શાશ્વત શાંતિ પ્રાપ્ત કરી પરંતુ કળીયુગમાં શું શક્ય છે ?

આત્મા જ્ઞાન સ્વરૂપ છે. માત્ર અજ્ઞાનની નિવૃત્તિ કરવાની છે. 'આત્મા જ આત્મા વડે આત્મ આત્માને પામે છે' તેથી સાધકે જીવનમાં ચાર વસ્તુ માટે સતત પ્રયત્નો કરવા જરૂરી છે. અપમાનને શૂન્ય કરવું. અસમાનતાને શૂન્ય કરવી. અભિમાનને શૂન્ય કરવું અને અપવાદને શૂન્ય કરવું.

આત્મ પ્રાપ્તિની ઘટનાના સ્વરૂપને સમજાવવા એક સુંદર દ્રષ્ટાંત યોગ્ય લાગ્યું તે યોગ્ય આત્મ પ્રાપ્તિનો દાખલો છે.

એક સિંહણ સગર્ભા હતી. એક નદી પાર કરવાના પ્રયત્નમાં તેને પ્રસવ થયો. સિંહણ નદી તો પાર કરી ગઈ, પરંતુ સિંહબાળ નદીમાં તણાયું. નદીના પ્રવાહમાં તણાતા આખરે જંગલમાં ઘેટા ચરાવતા ભરવાડના નજરે પડવાથી તેને પ્રવાહમાંથી બહાર કાઢયું. ઘેટાના ટોળા સાથે જ સિંહબાળનો ઉછેર થવા લાગ્યો પરંતુ મોટો સિંહ બની ગયા છતાં, પોતાને ઘેટું જ માનતો અને ઘેટાઓની જેમ જ તે પણ નાસવા માંડતો. એક વખત એક સિંહે ટોળા પર આક્રમણ કર્યું અને ઘેટાંઓના ટોળાની સાથે તે નાસવા લાગ્યો. આક્રમણ કરનાર સિંહ ઘસડીને નદી કિનારે તેને લઈ જઈને પાણીમાં તેને પ્રતિબિંબ બતાવીને ખાતરી કરાવી કે તે ઘેટું નથી પણ સિંહ છે. માત્ર ઘેટા હોવાના ભ્રમમાંથી મુક્ત થવાનું છે. આત્મ પ્રાપ્તિની ઘટના આવી જ ઘટના છે.

જ્ઞાનની ઘટના બને એટલે અજ્ઞાન નિવૃત્તિની ઘટના બની શકે. આત્માના જ્ઞાન દ્વારા જીવનમાં એટલી મહાન ક્રાંતિ આવે છે કે તેની તુલનામાં અન્ય ક્રાંતિ તુચ્છ અને ફિક્કી છે. આ આત્મ પ્રાપ્તિ સૌથી મહાન પ્રાપ્તિ છે.

બીજાઓને મદદરૂપ અને કોઈને ન નડતો નાસ્તિક પણ આત્મજ્ઞાનથી આત્મપ્રાપ્તિ મેળવીને ધાર્મિક જીવન સાથે આત્મ શુધ્ધિના પંથે જીવનને સાર્થક બનાવી શકે.

✣ ✣ ✣

**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

(જ્યોતિર્વિદ-મુંબઈ)

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. - ૯૫૯૪૩૨૬૨૦૨**

।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જ્યોતિષ વિશારદ મુંબઈ)

**જ્યોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**



**NIRAV Photo Arts**

- **HD VIDEO SHOOTING • PHOTOGRAPHY**
- DESIGNER ALBUM • ONLINE VISION MIXING
- CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
- STUDIO SETUP • VIDEO HIGHLIGHT
- NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
- PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
- CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

*Nirav Parekh / Harshad Parekh*

9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776

E-mail : niravphoto@yahoo.com

|| Jay Jay Shree Gokulesh ||

**Atul Kadakia**
**98193 48001 / 70210 44631**

**Nihar Kadakia**
**98330 36101 / 83692 44852**

**LYFE MEDICO**

**CHEMIST & DRUGGIST**

REACH US FOR
BABY PRODUCTS, SURGICAL ITEMS, AYURVEDIC & GENERIC MEDICINES, NUTRITION SUPPLEMENTS, DIABETIC MONITORS, BP MONITORS ETC.

WE ACCEPT & PAYMENT THROUGH

G Pay paytm

FREE HOME DELIVERY

# આ કોરોના ક્યારે જશે ?

✍ ડૉ. રીટા મુકેશ ગાંધી

એક જનરલ વાત આવ્યા કરે છે આ કોરોનાથી ક્યારે છુટકારો મળશે.

આપણી પરીક્ષા છે. આપણા કર્મોની સજા છે.

ધરતી માતા, ગાય માતા, આપણી માતા બધાને શાયદ દુઃખી કર્યા છે. ઝાડો કાપીને ઓક્સિજન લેવલ ઓછું કરીને કોંક્રિટનાં જંગલો વાવ્યા છે. અને ઓક્સિજનના બાટલા માટે દોટ મુકીએ છીએ.

ખબર હશે. આપણો પીપળો, લીમડો, વડ અને બામ્બુનાં ઝાડ રાત્રે પણ ઓક્સિજન આપે છે ૫૫૦ લીટર જેટલું. ધર્મ, ડર અને વિજ્ઞાન સાથે સાંકળીને કહ્યું કે પીપળો કપાય નહી. એમાં ભૂતનો વાસ છે.

શું અત્યારે વિજ્ઞાનમાં નથી ભણાવતા ઝાડો દિવસમાં ઓક્સિજન આપે છે અને એને જ કાપીને ધરતી (Universe) ને ઉજાડી, નેચરલ હવા-પાણી, ખોરાક બધાને આપણે પ્રદુષીત કરી એની આ સજા નથી શું ?

તો ચાલો, આપણી કોડી થી Pridiction કર્યું. મંગળ - લોહીયાળ, બહુ જણનો જીવ જાય, આગ લાગે અને ધરતી લાલ થાય પણ ત્રણ મહિનામાં આ Subside થઈ જાય.

પણ ઉપાય આપણે કરવો જોઈએ. બની શકે એટલો બધાએ ગાય ને રોટલી ગોળ ખવડાવો.

ગાય માતામાં ૩૩ કરોડ દેવતા છે. ગાય માતાની આતંરડી ઠારો તો એ આપણા આશીર્વાદ બની જાય અને કોરોના ને ભગાડવાનું એક યંત્ર ક્યાં, કેવી રીતે, કેટલું એ આપણે સમજવાનું . આ પેન્ડામીક Situationમાં.

બીજું અમે નંબરથી કોશીશ કરી. Numerology થી. ૭ સાત નંબર શની મહારાજનો કહેવાય. બંકિમ ભાઈએ પુછ્યું કે સર્વ ભારત દેશમાંથી કોરોના ક્યારે જશે.

૭ નંબર સહજ સર્વ જાહેર જનતાનો કહેવાય અને જાહેર જનતાનો જવાબ પણ એક જ આવ્યો. ત્રણ મહિના. એને આજે ૧૫ દિવસ થઈ ગયા.

યાદ હશે રામાયણમાં રામ-લક્ષ્મણ અને રાવણનું યુધ્ધ. લક્ષ્મણ મુર્છા પામે છે અને નવજીવન આપવા માટે સંજીવની બુટ્ટી લાવીને નવજીવન આપ્યું હતું. તો નથી લાગતું આ શની મહારાજને પ્રસન્ન કરવા એમના જ મીત્ર હનુમાનજીને યાદ કરીને સંકટ મોચનને યાદ કરી રોજ પ્રત્યેક જણ સાત વાર હનુમાન ચાલીસા સાંભળે, પારાયણ કરે તો આ Situation ને આ પીડાને ઓછી કરી શકાય અને સાચે જ સંકટમાંથી પાર ઉતરી શકાય.

ત્રીજું જોયું અત્રે પેન્ડયુલમ લોલકથી Dowsing કહેવાય. પહેલાં અને હજી પણ જમીનમાંથી પાણી કે કોઈપણ વસ્તુ જોવા માટે ઓરા, પોસિટીવ લીટી અને બધુ જાણવા માટે એનો ઉપયોગ થતો અત્યારે પણ થાય છે.

અમે જોયું.

પ્રથમ પ્રશ્ન

૧) આ કોરોના જશે ?

જવાબ - હા

૨) ક્યારે જશે ? કયા મહિનામાં ?

જવાબ - જુલાઈ ૨૦૨૧

૩) ત્રીજો સવાલ પુછયો કે આપણાં ઓ કોરોનાની અવસ્થા કેટલા વર્ષની છે.

અવસ્થાનો જવાબ વૃદ્ધાવસ્થા આવ્યો.

૪) ચોથો પ્રશ્ન હતો - આપણા ભારતમાં Vaccine નો Power કેવો છે ?

જવાબ હતો - Strong

તો આમ એક નતીજા પર પહોંચ્યા કે આ કોરોનાને ભગાડવા સબસાઈડ કરવા પ્રાર્થના-સન્માન-ગાય માતાને ભોજન અને હનુમાન ચાલીસા ૭ વાર રોજ જો પ્રત્યેક ભારતવાસી કરે તો આને આપણે ચોક્કસ જુલાઈ ૨૦૨૧ માં સબસાઈડ કરી શકીએ.

❖ ❖ ❖

# પ્રેરણાદાયી નાનકડી કથાઓ

(સંકલન)

✍ ડૉ. અમૃતભાઈ તીરગર

**કથા - ૧ :** માતાના નામે હતી તે જગ્યા પોતાના નામે કરી લેવાની ઈચ્છાથી મા પોતાના ઘરે રહે, તે બાબતને લઈને બંને ભાઈઓ ઝઘડવા લાગ્યા. તેઓએ મા ને પૂછ્યું તો મા ને પૂછયું તો મા એ કહ્યું, હું જે ત્રણ ગોળીઓ લઉં છું, તેના નામ જે બતાની આપે, તેના ઘરે હું જઈશ. બંને ભાઈઓ નીચું જોઈ ગયા.

**કથા -૨ :** ભણવા માટે દૂર ગયેલા દિકરાએ માતાને પત્ર લખ્યો, કે અહિંયા મારા જમવાની સારી સગવડ છે, તું ચિંતા કરીશ નહીં. પત્ર વાંચીને મા એ એક વખતનું ભોજન બંધ કર્યું, કેમકે પત્રના અંતમાં પુત્રના આંસુથી શાહી બગડેલી હતી.

**કથા -૩ :** દાદાની લાકડી પકડીને દાદાને લઈ જતા પૌત્રને જોઈ લોકો બોલ્યા, જોજે, ધીમે ધીમે, દાદા પડી ન જાય. દાદા હસીને બોલ્યાં, હું કંઈ પડવાનો નથી. મારી પાસે બે લાકડીઓ છે.

**કથા -૪ :** કેરીના ઝાડ પર ચઢીને કેરીને ચોરતા છોકરાના વાંસે રખેવાળે લાકડી મારી અને તેને બીવડાવવા માટે થોડીવાર માટે ઝાડના થડ સાથે બાંધી પણ દીધો. કોણ જાણે કેમ એ ઝાડને ફરી કદીયે ફળ આવ્યાં નહીં.

**કથા -૫ :** ઓફીસથી થાકેલા પિતાએ આવીને દાદીના પગ દબાવ્યા, તે જોઈને રાત્રે દિકરીએ પિતાજીના પીઠ પર માલિશ કર્યું. આ જોઈને દાદી બોલ્યા થાળીમાંથી વાટકીમાં અને વાટકીમાંથી થાળીમાં.

**કથા -૬ :** પિતાજીના ગયા પછી સંપત્તિની વહેંચણી કર્યા બાદ ઘરડી મા ને પોતાના ઘરે લઈ જતી દિકરી બોલી, હું ખૂબ નસીબદાર છું. મારા ભાગે તો જીવન આવ્યું છે.

**કથા -૭ :** ગઈ કાલે મારો છોકરો મને કહે, પિતાજી હું તમને છોડીને ક્યારેય નહીં જાઉં, કેમકે તમે પણ કદી દાદા દાદીને છોડીને ગયા નથી. આ સાંભળીને મને મારા વડીલોની મિલકત મળી ગયાનો આનંદ થયો.

**કથા -૮ :** તેના પતિના મિત્ર હોસ્પિટલમાં મળવા આવ્યા. જતાં જતાં પરાણે ૫૦૦૦ રૂપિયા તેના હાથમાં આપ્યા અને કહ્યું લગ્નમાં બહેનને દક્ષિણા આપવાની રહી ગઈ હતી. તે દિવસે મળેલી બધી ભેટોમાં આ શ્રેષ્ઠ હતી

**કથા -૯ :** આજે ઓફિસથી છૂટીને ભેળ ખાવાની બહુ ઈચ્છા હતી, પણ સાસુજીને મંદિર જવાનું મોડું થાય તેથી ઘરે જલ્દી પહોંચી ગઈ. જઈને જેવી રસોડામાં ગઈ તો સાસુજીએ કહ્યું ચાલ જલ્દી, હાથ પગ ધોઈ લે, કેરી નાખીને ભેળ બનાવી છે, ઘણા દિવસથી મને ખાવાનું મન હતું.

**કથા -૧૦ :** સાંજના સમયે સુમતીબેન માળા ફેરવતા હતા, ત્યાં છોકરો નોકરીએ થી ઘેર આવ્યો, તેની સાથે મોગરાના ફૂલની સુગંધ આવી. તેને થયું આજે વહુ મોગરાનો ગજરો હમણાં માથામાં નાખીને આવશે પણ ત્યાં તો તેણે જોયું કે કૃષ્ણ ભગવાન માટે થાળીમાં મોગરાના ફૂલ હતાં. ભગવાન પણ ગાલમાં હસતા હતા.

**સકારાત્મક વિચારો :** અત્યારે આ કોરોનાના સમયમાં નકારાત્મક વિચારો એટલા ફેલાઈ રહ્યા છે કે લોકોને સારા પણા પરથી વિશ્વાસ જ ઊઠી જાય છે. આવા સમયે આવી સકારાત્મક કથાઓ વધારે ને વધારે લોકો સુધી પહોંચવી જોઈએ.

(પાના નંબર - ૨૧ થી ચાલુ )

(૨૧) **અંકુશ** - લોઢાની અણીવાળી આંકડી. હાથી આંકવામાં તે તેના કાન નીચે ભોંકવામાં આવે છે. અકબરે તેનું નામ ગજબાધ એટલે હાથીની લગામ પાડેલું છે.

(૨૨) **ગડુ** - બે અણીદાર કાંટાવાળી આંકડી. હાથી મસ્તીમાં આવે ત્યારે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

(૨૩) **બંગડી** - લોઢા અથવા પિત્તળની ચપટી કડી. તે હાથીના દંતશૂળ ઉપર શોભા અને મજબૂતીને માટે પહેરાવવામાં આવે છે.

(૨૪) **ઝંડા - વાવટો** -તેને ફરતી ઘૂઘરીઓ બાંધેલી હોય છે.

હાથીને બેસાડવા, ઉઠાડવા વગેરે બાબતમાં અમુક સાંકેતિક શબ્દો વાપરવામાં આવે છે. હાથીના મહાવતો ઘણે ભાગે સાધારણ સ્થિતિના તથા અજ્ઞાન હોય છે. તેથી કરી તેઓ શબ્દોનો અપભ્રંશ કરીને કામ ચલાવે છે. તેમજ વળી જ્યારે તે હાથી પોતાના સંપૂર્ણ અંકુશમાં આવે ત્યારે તે પોતાને જ કામ આપે તેવા પોતાના ખાનગી બનાવેલા શબ્દો વાપરે છે. તેથી વડોદરા, જૂનાગઢ, મલબાર જિલ્લો, ત્રિવાણકોર, મ્હૈસુર વગેરે તમામ દેશાવરોમાં અલગ અલગ વપરાતા શબ્દો જ્યારે હાથી વેચાય છે ત્યારે જેણે જે ભાષામાં કેળવણી આપી હોય તે 'સાંકેતિક શબ્દ' તે નવા મહાવતને જણાવે છે. મહાવત પણ આ શબ્દની ચકાસણી કરી લે છે અને બરાબર શબ્દ અનુભવી પછી જ ખરીદી કરે છે. પરંતુ પાછળથી કેટલાક શબ્દ અપભ્રંશ બોલે છે અને કેટલાક શબ્દો પોતાની અક્કલથી ગોઠવીને કામ લે છે.

**હાથીને માટે ઘણું કરીને આ શબ્દો વધુ વપરાય છે.**

(૧) **બેઠ-ભઈટ** - બેસાડવા માટેનો શબ્દ.

(૨) **મલ** - ઉઠાડતી વખતે નો શબ્દ અને સૂતેલ અથવા બેઠેલ હાથીને ઉઠાડવા પણ વપરાય છે.

(૩) **તોલ** - પાછળો પગ ઊંચો કરાવવા વપરાતો શબ્દ.

(૪) **હલો** - આગલો પગ ઊંચો કરાવવા માટે વપરાતો શબ્દ.

(૫) **તીરે** - હાથીને સુવડાવવા માટે વપરાતો શબ્દ.

(૬) **દલે** - હાથીને પાણી પાવા વપરાતો શબ્દ.

(૭) **ઝુક** - આગળના બે પગથી ઝુકાવવાનો શબ્દ.

(૮) **અગત** - હાથીને આગળ ચલાવવા માટે વપરાતો શબ્દ. તે સાથે પગનો ઈશારો પણ કરાય છે.

(૯) **ચૈઈ** - ડાબી કે જમણી બાજુ વળતી વખતે વપરાતો શબ્દ.

(૧૦) **ચૈ** - પડખે ચાલ કે બાજુમાં લેવા માટે વપરાતો શબ્દ.

(૧૧) **પીછે ધત** - પાછળ હટાવવા માટે વપરાતો શબ્દ.

(૧૨) **ધર** - હાથીને ખવરાવવા માટે વપરાતો શબ્દ.

(૧૩) **સમ** - હાથીને સીધો ઊભો રાખવા માટે વપરાતો શબ્દ.

(૧૪) **લગૂત** - હાથીને કોઈને મારવાનું કહેતાં વપરાતો શબ્દ.

(૧૫) **ભીરે** - મારતો અટકાવા અથવા મારવા આવતો હોય તો અટકાવવા વપરાતો શબ્દ.

(૧૬) **તાર** - સલામ કર હાથીને સલામ કરાવવા માટે વપરાતો શબ્દ.

મિત્રો હાથી વિશે અજાણી વાતો જે સામાન્ય રીતે લોકો ધ્યાનમાં લેતા નથી.

આફ્રિકી હાથીની ઉંચાઈ ૩ થી ૪ મીટર અને વજન ૮૦૦૦ કિલોગ્રામ સુધીનું હોય છે. જ્યારે એશિયન હાથી સરેરાશ ૩.૫ મીટરની ઉંચાઈ અને ૫૫૦૦ કિલોગ્રામ હોય છે. એશિયન હાથીને આસાનીથી પાળી શકાય છે. જ્યારે આફ્રિકન હાથીને આસાનીથી પાળી શકાતા નથી.

આફ્રિકન જાતિના હાથીમાં નર અને માદા બંનેને

દંતશુળ હોય છે. જ્યારે એશિયન જાતિના હાથીમાં માત્ર નર ને જ દંતશુળ હોય છે. પરંતુ તેમાં પણ કેટલાક એવા નર છે કે જેમને દંતશુળ નથી હોતા. ભારતમાં આવા હાથીને મકના કહે છે. દંતશૂળની લંબાઈનો વર્લ્ડ રેકોર્ડ ૩.૫ મીટરનો છે.

હાથી માટે લેટીન શબ્દ Pachyderm છે અહીં Pechy = જાડું અને Derm = ચામડી. હાથીની ચામડી ૩ સે.મી.જાડી હોય છે. હાથીની સૂંઢ સરેરાશ ૧.૫ મીટર લાંબી અને તેનું વજન આશરે ૧૩૦ કિલોગ્રામ હોય છે. હાથી પોતાની સુંઢ વડે ૨૫૦ કિલોનું લાકડું સરળતાથી ઊંચકી શકે છે.

હાથી સુંઢ વડે પાણી ભરીનો મોઢા વડે પીએ છે. જેમાં એક ઘૂંટડામાં લગભગ ૧૦ લીટર પાણીનો જથ્થો હોય છે. હાથીની સુંઢ તેના માટે નાક પણ છે. જો પવન અનુકુળ હોય તો હાથી માણસની ગંધ દોઢેક કિલોમીટર દુરથી પણ પારખી શકે છે.

હાથી એક જ એવું પ્રાણી છે જે લેશ માત્ર કુદકા મારી શકતું નથી. તેમજ ઝડપથી દોડી પણ શકતું નથી. આમ છતાં પણ હાથીની દોડનો વેગ ૪૦ કિલોમિટર પ્રતિ કલાક સુધીની હોય શકે છે. પરંતુ આ ઝડપ થોડા સમય પુરતી જ હોય છે બાકી નોર્મલ ઝડપ ૧૬ કિલોમીટર પ્રતિ કલાક હોય છે

એક પુખ્તવયના હાથીને રોજ સરેરાશ ૧૦૦ કિલોગ્રામ લીલો ચારો અને ૧૦૦ થી ૧૫૦ લીટર પાણી જોઈએ. આ ભોજન મેળવવા હાથીનું આખું ટોળું લગભગ ૨૫૦ ચોરસ કિલમોટીરના વિસ્તારમાં સતત ફરતું રહે છે. આ ઉપરાંત તેઓ ઘણા કિલોમીટરનો ઋતુપ્રવાસ પણ કરતા હોય છે.

દાયકાઓથી હાથી દાંત માટે હાથીની આડેધડ અને બેફામ કતલ કરવામાં આવે છે. કાનૂની પ્રતિબંધ હોવા છતાં આવી પ્રવૃત્તિ સંપૂર્ણપણે અટકી નથી. દર વર્ષે લગભગ ૪૦૦૦ હાથીઓનો શિકાર કરવામાં આવે છે. શિકારીઓને હાથી દાંતની આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૫૦ ડોલર સુધીની કિંમત મળી રહે છે. આ ભાવ કિલોગ્રામનો છે, હાથીનો દાંત એવરેજ ૪૫ કિલોગ્રામનો હોય છે.

મિત્રો કુદરતની આવી અનમોલ રચનાને આપણે સંવર્ધન કરવું જોઈએ, નહિ કે શિકાર. જો હાથીઓના શિકારને હજુ પણ રોકવામાં નહિ આવે તો આવનારી પેઢી માટે હાથી માત્ર પુસ્તક પૂરતા સીમિત રહી જશે.

હાથીના કાન શરીરનું તાપમાન જાળવવાનું કામ કરે છે. પરંતુ આફ્રિકન હાથી બીજા હાથીને સંદેશો આપવા પણ કાન હલાવે છે.

હાથી એક દિવસમાં ૩૦૦ લીટર જેટલું પાણી પી શકે છે.

હાથી પાણીની ગંધ ૩ કિલોમીટર દૂરથી પારખી શકે છે.


**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**
**(મૂડેતી - અમદાવાદ)**
**તથા દક્ષેશ ભટ્ટ**

જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જવ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**

હાથી આટલા મોટા કાન હોવા છતાં અવાજ સાંભળવામાં નબળા હોય છે.

હાથી પગના તળિયા વડે જમીનની ધ્રુજારી પરથી દૂર થતા અવાજ સાંભળી શકે છે.

હાથી બહુ ઉંઘ લેતા નથી. રાત્રે ઊભા ઊભા જ ઉંઘ ખેંચી લે છે.

હાથીની સૂંઢમાં હાડકાં હોતા નથી પરંતુ દોઢ લાખ જેટલા સ્નાયુઓ હોય છે. તેની ચામડી એક ઈંચ જાડી હોય છે.

હાથીની સૂંઢના છેડે આંગળી જેવો બહાર નીકળેલો અવયવ હોય છે તેના દ્વારા તે ખંજવાળી શકે છે અને આંખો સાફ કરે છે.

હાથીની સૂંઢના સ્નાયુઓ સંવેદનશીલ હોય છે. હાથી સૂંઢ વડે જમીન પર પડેલી સોય પણ ઉપાડી શકે છે.

હાથી પાણીમાં લાંબા અંતર સુધી તરી શકે છે.

✣ ✣ ✣

## સગા પહેલા પાડોશી

✍ **ભૂપેન્દ્ર બાબુલાલ કડકીઆ**

આ દુનિયામાં કોરોના, નો રોગ આખા વિશ્વમાં ફેલાયો છે, તેનો ઉપાય પણ ચાલુ છે. (જેને કોરોના થાય છે, તેની હાલત બહુ ખરાબ હોય છે.) મધ્યમ વર્ગના માણસોને ઘણી તકલીફ થાય છે. દા.ત. પૈસાની જરૂરત, દવાની જરૂર હોય ત્યારે સગાવહાલા કોઈ કામમાં આવતા નથી. (ચાલીમાં પડોશી અડધી રાતે કામ આવે છે) એક ભાઈને કોરોના થયો હતો, તો કહે પહેલા તમે જલ્દીથી હોસ્પિટલમાં દાખલ થાવ, નહિ તો તમારો કેસ બગડી જશે. તમે પૈસાની ચિંતા કરતાં નહીં, હું તમને પૈસા આપીશ. ડૉક્ટરની માનવતા સારી હતી. (છેલ્લે પાડોશીએ ક્હ્યું તમે હોસ્પિટલમાં દાખલ કરાવી દો.) આ દુનિયામાં કોઈ કોઈનું નથી. છેલ્લે ભગવાન રસ્તો સારો કાઢે છે. કોઈ દિવસ પાડોશી સાથે બગાડવું નહી. જિંદગીમાં પહેલો સગો પાડોશી.

Dent Villa
The Complete Family Dental Care

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**
- A complete dental consultation with digital x-ray.
- Complete prophylaxis (clean up) and gum care.
- Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
- Smile designing and esthetics.
- Complete prophylaxis for children.
- Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**
9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.
**Contact: 8879088330**
Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

# વાસ્તુ



✍ શ્રેશ શાહ

વાસ્તુ એટલે શું ?

વાસ્તુ એટલે કોઈપણ એક જમીનનો ટુકડો જેની ફરતે ચારે બાજુ દિવાલ બાંધેલી હોય.

આજના જમાના પ્રમાણે ફ્લેટ, બંગલો, ઓફિસ વગેરે

વાસ્તુ કઈ રીતે કામ કરે છે ?

કુદરતના પાંચ મૂળભૂત તત્વો છે.

જલ, વાયુ, અગ્નિ, પૃથ્વી, આકાશ.

આપણું શરીર પણ આ પાંચ મૂળભૂત તત્વોનું બનેલું છે. આપણું માનસિક અને શારિરીક સ્વાસ્થ્ય સારુ રહે તે માટે આ પાંચ તત્વોનું આપણા શરીરમાં સંતુલન હોવું ખુબ જ જરૂરી છે. જો કોઈ એક તત્વ પણ વધુ કે ઓછુ થઈ જાય તો તેની ખરાબ અસર આપણા માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર પડતી હોય છે.

એવી જ રીતે વાસ્તુ શાસ્ત્રમાં પણ આ પાંચ મૂળભૂત તત્વો છે. જો આપણા ઘર કે ઓફિસમાં આ પાંચમાંથી કોઈપણ એક યા બે તત્વોમાં ખરાબી આવી જાય એટલે કે તત્વમાં અસંતુલન થઈ જાય તો તેની ખરાબ અસર આપણા સ્વાસ્થ્ય પર, પૈસા પર, વ્યવસાય પર તથા સંબંધોમાં પડતી હોય છે.

વાસ્તુ શાસ્ત્રમાં મુખ્ય ૮ દિશાઓ છે અને આ ૮ દિશોઓમાં અલગ અલગ તત્વો રહેલા છે. ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશામાં જલ તત્વ, પૂર્વ દિશામાં વાયુ તત્વ, અગ્નિ અને દક્ષિણ દિશામાં અગ્નિ તત્વ, દક્ષિણ પશ્ચિમમાં પૃથ્વી તત્વ, પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશામાં આકાશ તત્વ આવેલુ છે.

જલ તત્વનો સંબંધ પૈસાની આવક તથા બચત, નવી નવી તક, માનસિક શક્તિ તથા શાંતિ અને શારીરિક સ્વાસ્થ્ય સાથે છે.

વાયુ તત્વ આપણા સામાજીક સંબંધો તથા મંથન કરવાની શક્તિ સાથે રહેલો છે.

અગ્નિ તત્વનો સંબંધ ગ્રાહકો પાસેથી આવતા પૈસા, કોઈને ઉધાર આપેલા પૈસા, સફળતા અને આત્મવિશ્વાસ સાથે રહેલો છે.

પૃથ્વી તત્વનો સંબંધ આર્થિક તેમજ વ્યવસ્યામાં સ્થિરતા, પતિ પત્નીના સંબંધો, વિદ્યા તથા નાના છોકરાઓના ભણતર સાથે રહેલો છે.

આકાશ તત્વનો સંબંધ કોઈપણ પ્રકારનો લાભ, બીજા પાસેથી મળતી મદદ, વિજાતીય આકર્ષણ તથા શારિરીક સંબંધો સાથે રહેલો છે.

જીવનના અલગ અલગ સમય પર આપણને આ બધામાંથી એક યા બીજી વસ્તુની જરૂર પડતી જ હોય છે. તેથી આ પાંચ તત્વો નું આપણા ઘર અને ઓફિસમાં સંતુલન હોવું ખુબ જ જરૂરી છે. જે તત્વની ઉણપ યા ખામી હશે યા જે તત્વ ખરાબ હશે તે તત્વને લગતી તકલીફ અને પીડા આપણા જીવનમાં એક યા બીજી રીતે જોવા મળતી હોય છે.

ઉદાહરણ તરીકે - જો ઉત્તર દિશામાં સંડાસ હોય, અગ્નિ (રસોડુ) હોય, ભૂરો રંગ કરેલો હોય, કોઈ લોખંડની ભારે વસ્તુ મુકેલી હોય અથવા ઉત્તર દિશાનો ખૂણો કપાઈ ગયો હોય તો ઉત્તર દિશા ખરાબ થઈ ગયેલી અથવા જલ તત્વમાં ખરાબી અથવા જળ તત્વનમાં અસંતુલ થયેલુ ગણાય છે અને આ પરિસ્થિતીમાં ઉત્તર દિશાને અથવા જલ તત્વને લગતી સમસ્યા તથા તકલીફો જીવનમાં જોવા મળે છે. જેમકે ધંધામાંથી નવી તક મળતી નથી, પૈસા આવતા નથી, આવે તો પોતાની પાસે ટકતા નથી, કોઈપણ કાર્ય કરવાની સુઝ પડતી નથી તથા માનસિક અશાંતિ રહે છે.

અગ્નિ દિશામાં પાણીની ટાંકી મુકેલી હોય, પીળો અથવા ભૂરો રંગ કરેલો હોય, અગ્નિ (રસોડુ) હોય, સંડાસ, હોય અથવા અગ્નિ ખૂણો કપાઈ ગયો હોય ત્યારે અગ્નિ તત્વને લગતી સમસ્યા અને તકલીફોનો સામનો કરવો પડે છે. જેમકે ઘરની સ્ત્રીમાં આત્મવિશ્વાસનો અભાવ હોવો, જાતે નિર્ણય ન લઈ શકે, હંમેશા પગના દુઃખાવાની નાની મોટી સમસ્યા જ રહેતી હોય. આવા ઘરમાં રહેતા પુરુષ સભ્યનો જો પોતાનો ધંધો હોય તો ધંધામાં પૈસા જલ્દી ફરતા નથી. ગ્રાહકો પાસેથી ઉઘરાણી આવતી નથી, કોઈને આપેલા પૈસા લાંબા સમય સુધી ફસાઈ જાય છે અને કોઈપણ કાર્યમાં ધારેલી સફળતા મળતી નથી તથા જીવનમાં ઉર્જા ઉમંગ અને ઉત્સાહનો અભાવ હોય છે.

બસ, આ જ રીતે અલગ અલગ દિશામાં જે અલગ અલગ તત્વો છે તે તત્વમાં ખરાબી આવી જાય ત્યારે તે તત્વને લગતી સમસ્યા જીવનમાં ઉભી થાય છે. એમાં પણ જો કોઈ એક દિશામાં બે કે તેથી વધુ કારણોને લીધે ખરાબી આવી ગઈ હોય તો તે તત્વને લગતી સમસ્યા કાયમ માટે અથવા લાંબા સમય સુધી રહેતી હોય છે અને તકલીફનું પ્રમાણ પણ મોટું હોય છે.

જો ઘરમાં કોઈપણ તત્વ ખરાબ હોય તો તેમાં ગભરાવાની જરૂર નથી. વાસ્તુ શાસ્ત્રમાં આ દરેક સમસ્યાની ઉપાયો બતાવવામાં આવ્યા છે. પરંતુ વાસ્તુના ઉપાયો બીજાની નકલ કર્યા વગર કોઈ સારા વાસ્તુશાસ્ત્રની સલાહ લઈને જ કરવા અન્યથા ઉલમાંથી ચુલમાં પડી જવાય અને મોટું નુકશાન પણ થઈ શકે છે.

એક ખુબ જ મહત્વની વાત.

વાસ્તુના ઉપાયોનો સારમાં સારો લાભ મળે તે માટે વાસ્તુના ઉપાયો કરતી વખતે જે તે વ્યક્તિની કુંડલીમાં કઈ દશા ચાલે છે તે અચૂક જોવું જોઈએ. યાદ રાખો, ફક્ત વાસ્તુ એક જ ક્યારેય કામ નથી કરતું, વાસ્તુની સાથે સાથે વ્યક્તિની કુંડલીમાં અલગ અલગ સમય પર ચાલી રહેલી અલગ અલગ દશાઓ પણ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે.

કારણ કે,

આપણે કોઈ એક ઘરમાં ૧૦/૧૫/૨૦ વર્ષ સુધી રહિએ છીએ ત્યારે તે ૧૦/૧૫/૨૦ વર્ષ ક્યારે પણ એક સરખા નથી જતા. જ્યારે કે ઘરની દિશાઓ અને ખૂણા અને દરવાજો તો જ્યાં હોય છે તેમ હોય છે. તેમના તેમ જ ૧૦/૧૫/૨૦ વર્ષ સુધી રહેતા હોય છે. કોઈ વર્ષ સારુ જાય છે તો કોઈ વર્ષ ખરાબ જાય છે. આનો અર્થ એ થયો કે કોઈ એક પરિબળ છે જે સતત ને સતત બદલાયા કરે છે અને તે છે આપણી કુંડલીમાં ચાલતી દશાઓ. હાલમાં ચાલી રહેલી આપણી દશા અને ભવિષ્યમાં આવનારી આપણી દશાઓ.

તેથી હંમેશા એવા જ વાસ્તુ શાસ્ત્રની સલાહ લેવી કે જેમને જ્યોતિષ શાસ્ત્રનું પણ સારામાં સારું જ્ઞાન હોય. આવા વ્યક્તિ જ તમને જ્યોતિષ તથા વાસ્તુ શાસ્ત્રનો સમન્વય કરીને તમારી સમસ્યાઓનો સારામાં સારો ઉપાય બતાવી શકે છે. દશાને ધ્યાનમાં રાખ્યા વગર કરેલા વાસ્તુના ઉપાયો ઉત્તમ પરિણામ આપી શકતા નથી. અને જો થોડો ઘણો લાભ મળી જાય તો તે લાંબો સમય સુધી રહેતો નથી. યાદ રાખો, આપણી દશાઓ જ આપણી દિશા નક્કી કરે છે. વાસ્તુના ઉપાયો માટે વાપરવામાં આવતી વસ્તુઓ પણ ઉત્તમ ગુણવત્તાવાળી જ વાપરવી જોઈએ. હલકી ગુણવત્તાવાળી વસ્તુઓ વાપરવાથી વાસ્તુના ઉપાયોનું સારુ પરિણામ મળતુ નથી અને જોઈએ તેટલો લાભ પણ થતો નથી. ઉત્તમ વસ્તુઓ વાપરવાથી ઉત્તમ લાભ મળે છે.

આમ તો મુખ્ય ૮ દિશાઓ વાસ્તુ પ્રમાણે છે પરંતુ અત્યારના જમાનામાં વાસ્તુના જે અલગ અલગ

સંશોધનો થયા છે તેના પ્રમાણે ૧૬ (સોળ) દિશાઓ છે અને ૧૬ દિશાના આધારે જ વાસ્તુ પરિષાણ અને વાસ્તુ ઉપાયો કરવા જરૂરી છે. અન્યથા વાસ્તુનુ પરિણામ નહિ મળે.

અત્યારે કોરોના કાળમાં ઘરમાં ઉત્તર ઉત્તરપૂર્વ (NNE) દિશામાં કોઈપણ ખરાબી ન આવી જાય તેનું ખુબ જ ધ્યાન રાખવું કારણ કે NNE દિશાનો સંબંધ આપણા શારિરીક સ્વાસ્થ્ય સાથે રહેલો છે અને જળતત્વમાં અસંતુલન કે ખરાબી ન હોય તે પણ જોઈ લેવું ખુબ જ જરૂરી છે કારણ કે જલ તત્વનો સંબંધ આપણા માનસિક સ્વાસ્થ્ય સાથે રહેલો છે. જો જળ તત્વ ખરાબ હશે તો મનમાં નકારાત્મક વિચારો આવશે અને ડિપ્રેશનનો શિકાર પણ થઈ જવાય છે.

**કોરોના કાળમાં વ્યાપાર ધંધામાં ઉપયોગમાં લેવા જેવા ખુબ જ મહત્વના વાસ્તુ સુચનો :-**

૧) ઘરમાં ભગવાનનું મંદિર અવશ્ય હોવું જોઈએ અને મંદિર ઉત્તર તથા પૂર્વ દિશાની વચમાં કોઈપણ સ્થાન પર રાખવું.

૨) ઘરમાં ઉત્તર દિશામાં ભૂરો રંગ કરવો. રંગ કરવાનું શક્ય ન હોય તો ભૂરા રંગની કોઈપણ વસ્તુ ત્યાં મુકવી.

૩) ઘરમાં અગ્નિ દિશામાં કેસરી/લાલ રંગ કરવો. રંગ કરવાનું શક્ય ના હોય તો આ રંગની કોઈપણ વસ્તુ આ દિશામાં મૂકવી.

૪) ઉત્તર દિશામાં લીલા રંગની હરિયાળીનું ચિત્ર મુકવું.

૫) અગ્નિ દિશામાં લાલ રંગ બે દોડતા ઘોડાનું ચિત્ર મુકવું.

૬) ઘરના મુખ્ય સભ્ય જેઓએ ધંધામાં અગત્યના નિર્ણયો લેવાના છે તેમણે દક્ષિણ પશ્ચિમ (SW) દિશામાં સુઈ જવું. સુતી વખતે માથુ દક્ષિણ દિશામાં રહે તેમ સુઈ જવું.

૭) ઈશાન ખૂણામાં પાણીનો ફૂવારો મૂકવો અને આ ફૂવારો આખો દિવસ ચાલુ રાખવો. રાત્રે બંધ કરી શકાય.

૮) ઘરમાં કોઈપણ નકામી વસ્તુનો સંગ્રહ કરવો નહિ, આમ કરવાથી ઘરમાં નકારાત્મક ઉર્જા પેદા થાય છે અને તેને સારા વિચારો આવતા નથી.

૯) ઘરમાં કચરા ટોપલી અથવા ચંપલનું બોક્સ ઈશાન યા ઉત્તર દિશામાં મુકેલુ હોય તો તરત જ હટાવી લેવું અને ઘરની બહાર મુકી દેવું.

૧૦) ધંધામાં નાણાંકિય સહાયની જરૂર હોય તો સફેદ રંગના બે દોડતા ઘોડાનું ચિત્ર ઉત્તર પશ્ચિમ (NW) દિશામાં મુકવું.

✢✢✢

Rakesh Dharia - 9819685882

✢ Civil ✢ Carpenter
✢ Painting ✢ Aluminium
✢ P.O.P.Work ✢ Electric
✢ Fabricators

Krish
INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068




## .... અને ગુફાના પથ્થરો રડી પડયા

✍ **શ્રી હેમંતભાઈ**

એક સરસ મજાનું સરોવર હતું. એ સરોવરની આસપાસ કેટલાંક વૃક્ષો ઉગેલાં. એ વૃક્ષો પર ઘણાં બધાં પંખીઓ રહે. ચકલીબેન, કાગડાભાઈ, પોપટલાલ, મેનાબેન, કાબરબાઈ, કબૂરાણા, હોલારાણા વગેરે. બધાં હળીમળીને રહે. એકમેકના સુખ-દુ:ખમાં બધાં સાથે ને સાથે. એ સરોવરથી થોડે દૂર ઘણા પહાડો હતા. એ પહાડોમાં એક મોટો પહાડ એવો હતો કે એની અંદર હજારો વર્ષો જૂની એક ગુફા હતી. એ ગુફા વિશે આ પંખીઓએ ઘણું સાંભળેલું. બધાને એ ગુફા જોવાનું ખૂબ મન પણ ત્યાં સુધી જવાની કોઈને હિંમત થાય જ નહીં, પણ ચકલીબેનથી ન રહેવાય એટલે વારે-વારે એ બધાં પંખીઓને ગુફા વિશે વાતો કરે રાખે, અને ગુફા જોવા જવાની પોતાની ઈચ્છા બતાવ્યે રાખે, પણ કોઈ એની વાત માને નહીં.



એક વખત ચકલીબેને પાક્કો વિચાર કરી લીધો કે - ગમે તે થાય, ગુફા જોવા તો જવું જ છે. ચકલીબેને ફરી પાછી ગુફા જોવા જવાની વાત બધા સામે રાખી. સૌ ફરી પોતાપાતનાં બહાનાં રજૂ કરવા લાગ્યાં. કબૂતર કહે,'હું તો આટલે દૂર સુધી ઉડી જ ન શકું એટલે હું નહીં આવું.' તો કાગડાભાઈ કહે,'હું પણ નહીં આવું કારણ કે મારાં બચ્ચાં હજી ખૂબ નાનાં છે.' ત્યાં પોપટલાલ બોલ્યા,'જે જગ્યાએ આપણે ક્યારેય ગયાં નથી તે જગ્યાએ કોઈ તપાસ કર્યા વગર જવામાં જોખમ છે.' આમ બધાં કંઈને કંઈ બહાનું આપવા લાગ્યાં. ચકલીબેને બધાની વાત શાંતિથી સાંભળી પછી બોલ્યા, 'જુઓ કાગડાભાઈ, તમારાં બચ્ચાં નાના છે તો એની જરાપણ ચિંતા ન કરશો. બચ્ચાંની જવાબદારી આપણા બધાની. બધાં વારાફરતી બચ્ચાનું ધ્યાન રાખે તો તમને વાંધો છે ?' તો કાગડાભાઈ કહે,'તો પછી મને કોઈ વાંધો નથી.' ચકલીબેન રાજી થઈ ગયાં. પછી ચકલીબેને કબૂતરને પૂછયું, 'આપણે એકધારું ક્યાં ઉડવાનું છે ? ખમતા-ખમતા જવાનું છે એટલે થાકી જવાનો તો પ્રશ્ન જ નથી થતો.' એટલે કબૂતર કહે,'તો મને પણ વાંધો નથી.' પછી ચકલીબેને પોપટલાલને કહે,'જુઓ પોપટલાલ, તમારી વાત સાચી છે કે અજાણી જગ્યાએ તપાસ કર્યા વગર ન જવાય પણ મેં બધી તપાસ કરી લીધી છે. ત્યાં જવામાં કોઈ વાંધો નથી. રસ્તો પણ સરસ છે અને ત્યાં પહોંચીને ખાવા-પીવાની પણ સારી સગવડ છે.' એમ ચકલીબેને બધાંને મનાવી લીધા અને ચકલીબેની વાત સાંભળીને ગુફા જોવા જવા બધાં તૈયાર પણ થઈ ગયા.

નક્કી કરેલા દિવસે બધા નીકળી પડયા. બધાં ઉડતાં જાય, રસ્તામાં ગીતો ગાતા જાય અને મસ્તી કરતાં જાય. બધા પંખીઓ પોતપોતાના પરિવાર સાથે આવેલાં એટલે કોઈને ઘરની ચિંતા નહોતી. એક ખાલી કાગડાભાઈને છોડીને મોટા ભાગે બધાં પંખીઓનાં બચ્ચાં થોડા મોટા થઈ ગયેલા. કાગડાભાઈના બચ્ચાં હજી નાનાં હતા, પણ કાગડાબાઈને એની ચિંતા નહોતી કારણ કે બધાં સાથે મળીને બચ્ચાનું ધ્યાન રાખવાનાં હતાં. કાગડાભાઈના બચ્ચાનું બધાએ થોડું-થોડું ધ્યાન રાખ્યું. પણ એમાં એક ગરબડ થઈ ગઈ. પોપટલાલનો વારો આવ્યો એમાં

પોપટલાલે ગોટાળો કરી નાખ્યો. એમને એમ કે ચકલીબેનનો વારો છે, પણ ચકલીબેનનો વારો પતી ગયેલો. બસ, આ ગરબડમાં કાગડાભાઈનું એક બચ્ચું પાછળ રહી ગયું. અચાનક કાગડીબેનને ખબર પડી કે એમનું એક બચ્ચું દેખાતું નથી. એટલે એમણે તો કાગારોળ કરી મૂકી. બધાં હેરાન-પરેશાન થઈ ગયાં. પોપટલાલ પર બધાએ ગુસ્સો કર્યો. કાગડીબેન તો રોવા જ લાગ્યાં. બધાંએ એમને છાના રાખ્યાં. બધાં પાછાં વળ્યાં. ભગાવનને પ્રાર્થના કરતાં જાય અને નીચે રસ્તામાં જોતા જાય કે કાગડાભાઈનું બચ્ચું ક્યાંય દેખાય છે કે નહીં. થોડુંક પાછળ આવ્યાં ત્યાં કબૂતરતાનો કાગડાભાઈનું બચ્ચું દેખાયું. એણે બધાનું ધ્યાન તે તરફ દોર્યું. નીચે જમીન પર કાગડાભાઈનું બચ્ચું પડેલું હતું. બધા ખુશ થઈ ગયા. કાગડાબાઈના બચ્ચાંને લઈને બધાં પરી પાછાં ગુફા તરફ જવા લાગ્યાં.



બધાએ ધાર્યું તું તેના કરતાં રસ્તો ઘણો લાંબો હતો, પણ ગુફા જોવાની હોંશને કારણે બધાં જેમ તેમ કરીને ગુફામાં પહોંચ્યા તો ખરાં, પણ ગુફામાં પહોંચીને બધાં ખૂબ જ નિરાશ થઈ ગયા. કારણ કે ગુફામાં તો પથ્થર સિવાય બીજું કંઈ હતું જ નહીં. ખાલી પથ્થર જોઈને બધાને ચકલીબેન પર ખૂબ ગુસ્સો ચડયો. ચકલીબેન કહે, ‘અહીં કંઈ નહીં હોય, કદાચ આગળ હશે.’ એટલે બધા આગળ ગયા. તો આગળ પણ કંઈ નહોતું. બધાં હજી આગળ ગયાં. એમ કરતાં કરતા ગુફામાં ખૂબ આગળ નીકળી ગયા. પોપટલાલે ચકલીબેનને પૂછયું કે - ‘તમે બધી તપાસ કરી’હતી ને ?’ તો ચકલીબેન ગેંગેફેંફે થતાં થતાં બોલ્યા,‘અરે ! મારે તો ગમેતેમ કરીને અહીં આવવું હતું એટલે મેં તો એમ જ કહી દીધું કે મેં બધી તપાસ કરી છે.’ બધાં ચકલીબેન પર ગુસ્સો કરવા લાગ્યાં અને મનોમન બધાંએ નક્કી કર્યું કે હવેથી ચકલીબેનની કોઈ વાત ક્યારેય માનવાની જ નહીં. એક તો બધા ખૂબ જ થાકી ગયેલાં. બધાંને ખૂબ જ ભૂખ પણ લાગેલી અને તરસ પણ લાગેલી. બધાંને એમ કે ગુફામાં તો સરસ મજાનાં ફળ-ફૂલો હશે. પીવા માટે પાણી હશે. રહેવા માટે ઘેઘૂર વૃક્ષો હશે. પણ એમાંથી કંઈ નહોતું. એટલે બધાં ખૂબ જ નિરાશ થયાં. બધાં એક બીજા સાથે ઝઘડવા લાગ્યા. એક તો પહેલેથી જ થાકેલાં હતાં. એમાં બચેલી શક્તિ એકબીજા સાથે ઝઘડવામાં ખર્ચાઈ ગઈ. થોડીવારમાં તો બધાં અફસોસ કરવા લાગ્યાં કે અહીં ન આવ્યાં હોત તો સારું થાત. હવે તો પાછા જવાની પણ કોઈનામાં તાકાત નહોતી. કારણ કે ઉડી જ શકતા નહોતાં. પીવા માટે થોડું પાણી પણ જો મળી જાય તો પણ થોડી શક્તિ આવી જાય, તો ગુફામાંથી બહાર નીકળીને કંઈ ખાઈ શકે. પણ અહીં તો પાણી પણ નહોતું. બધા મનોમન ભગવાનને યાદ કરવા લાગ્યાં.

ગુફાના પથ્થરો પણ આટલાં બધા પંખીઓને જોઈને ખૂબ જ ખુશ થઈ ગયા. એમને થયું કે આજે તો ખૂબ મજા આવશે કારણ કે આટલાં બધાં પંખીઓ એકસાથે ક્યારેય આવ્યા નહોતા. પણ આવતાવેંત જ પંખીઓ ઝઘડવા લાગ્યા એટલે એમને પણ નવાઈ લાગી. પણ એ પથ્થરો તરત સમજી ગયા કે પંખીઓ શું કામ ઝઘડતાં હતાં. પથ્થરોને ખૂબ દુ:ખ થયું પણ એ લોકો પણ શું કરી



શકે ? આ પંખીઓ માટે પાણી ક્યાંથી લાવે ? એમને થયું કે જો એમને હૃદય હોત તો આજે તેઓ ખૂબ રડયા હોત, ખૂબ રડયા હોત અને એમનાં આંસુઓમાં આ પંખીઓ તરીને બહાર નીકળી શકયા હોત અથવા તો આંસુની નદી બની ગઈ હોત અને એ નદી આ પંખીઓને ગુફાની બહાર લઈ જાત, તો આ પંખીઓ બચી જાત. બધા પથ્થરો ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા કે, હે ભગવાન, અમને થોડા સમય માટે પણ હૃદય આપો. અમારે ખૂબ રડવું છે. એટલું રડવું છે કે અહીં પૂર આવી જાય અને આ પંખીઓ બચી જાય.' પથ્થરોને તો હૃદય જ નહોતું તો હૃદયપૂર્વક પ્રાર્થના કેવી રીતે કરી શકે ? પણ ભગવાને તેમની પ્રાર્થના સાંભળી કારણ કે એ બીજા માટેની હતી. ભગવાને થોડા સમય માટે એમને હૃદય આપ્યું અને ગુફાના પથ્થરો રડી પડયા. ત્યાં સુધી રડ્યા જ્યાં સુધી એમનાં હૃદય ખાલી ન થઈ ગયાં. થોડીવારમાં તો આખી ગુફા આંસુઓથી ભરાઈ ગઈ. પથ્થરોનાં એ આંસુ ખારાં નહોતા, નિર્મળ જળ જેવા હતા. પંખીઓના જીવમાં જીવ આવ્યો. પથ્થરો આ જોઈ ખૂબ ખુશ થઈ ગયા. એમણે મનોમન ભગવાનનો ખૂબ જ આભાર માન્યો. ગુફામાંથી પંખીઓ બહાર આવ્યાં અને જેને જે વસ્તુ ભાવતી'તી એ ખાધી અને બધા પાછાં તાજામાજા થઈ ગયાં. પછી બધાં પોતાના ઘર તરફ નીકળી પડયાં. બધાં ખુશશુશાલ હતા. મસ્તી કરતાં કરતાં, ગીતો ગાતાં ગાતાં, હસતાં રમતા થોડીવારમાં તો સરોવર પાસેના એમના ઘર સુધી પહોંચી પણ ગયા.

**(ક) નીચે પૂછેલા પ્રશ્નના જવાબ બાળકોને સમજાવો.**

(૧) એકમેકના સુખ-દુઃખમાં બધા સાથે રહેતા પક્ષીઓના નામ કહો ?

(૨) ગુફા જોવા જવા કાગડાભાઈ શા માટે તૈયાર થયા ?

(૩) પોપટલાલે શું ગોટાળો કરી નાખ્યો ?

(૪) પક્ષીઓએ માનેલું તેવું ગુફામાં શું શું નહતું ?

(૫) ભગવાને, ગુફાના પત્થરોને થોડા સમય માટે હૃદય શા માટે આપ્યું ?

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

(૧) પત્થરોના એ આંસુ __________ ન હોતા, નિર્મળ જળ જેવા હતાં.

(૨) પત્થર જોઈને બધાને ______ પર ખૂબ ગુસ્સો ચડયો.

(૩) જે જગ્યાએ આપણે ક્યારેય ગયાં નથી તે જગ્યાએ કોઈ તપાસ કર્યા વગર જવામાં __________ છે.

**(ગ) વિરુધ્ધાર્થી શબ્દ લખો.**

(૧) દૂર x__________ (૨) નાનું x__________ (૩) સરસ x__________

(૪) આગળ x__________ (૫) રડવું x__________

**(ઘ) પ્રવૃત્તિ**

(૧) પત્થરોના પહાડ પાછળથી થતો સૂર્યોદય-સુંદર ચિત્ર દોરો.


(૨) કાગળની હોડી બનાવી પાણીમાં તરતી મૂકો.

(૩) ચકલીબેન, કાગડાભાઈ, પોપટલાલ કેવી રીતે બોલેછે ? એવી રીતે બોલી જુઓ.

# ચાંદામામાને રજા ન જોઈએ ?

✍ શ્રી હેમંતભાઈ

હજારો વર્ષો પહેલાંની વાત છે. ચાંદામામા રોજ રાતના આકાશમાં આવે અને સવારે ચાલ્યા જાય. રાત આખી જાગીને પોતાની ચાંદનીથી આખી દુનિયાને અજવાળે. વારે ઘડીયે નીચે જોતા જાય અને મનમાં ને મનમાં કહેતા જાય કે આ માણસોને કેવું સારું ! રાત આખી સૂવાનું અને દિવસે બધાએ સાથે મળીને કામ કરવાનું. એકબીજા સાથે વાતો કરવામાં સમય કેવો પસાર થઈ જાય. આ મારે તો એકલા એકલા આખી રાત જાગવાનું ને ચોકી કરવાની. કોઈ મિત્ર નહીં. કોઈ સાથી નહીં. સમય પસાર થાય એવું પણ કંઈ નહીં. જો વધારે વરસાદ આવી જાય તો માણસો તો કામ પર જ ન જાય. શનિ-રવિ પણ રજા. કેટલા બધા ઉત્સવો. તહેવારોની રજા. કેટલાક લોકો ઘરમાં ભરાઈ રહે, તો કેટલાક લોકો કુટુંબકબીલા સાથે બહાર ફરવા નીકળી જાય અને મારે તો ક્યારેય રજા જ નહીં. બારે મહિના ચોકીપહેરો કરવાનો ને ચાંદની રેલાવતા રહેવાની. કોઈ રજા નહીં, કોઈ તહેવાર નહીં, કોઈ ઉત્સવ નહીં. વરસાદ હોય, આંધી હોય, તોફાન હોય મારે તો ફરજિયાત જાગવાનું ને જાગવાનું જ.



ચાંદામામા રોજ આવા વિચારો કર્યે રાખે ને જીવ બાળ્યે રાખે. એક વખત અચાનક એમને વિચાર આવ્યો કે હું ધરતી પર ચાલ્યો જાઉ તો ? તો તો મજા જ પડી જાય. આ રાત આખી જાગવાના કામમાંથી તો મુક્તિ મળી જાય. ચાંદામામાએ તો નક્કી કરી નાખ્યું કે બસ, હવે બહુ થયું. હવે હું રાતના આવી રીતે નહીં જાગું. હું ધરતી પર ચાલ્યો જઈશ. એ તો બિસ્તરા પોટલા બાંધીને તૈયાર થઈ ગયા. બેગ ભરી લીધી અને ઊપડયા ધરતી પર જવા. આકાશમાં તારલા અને વાદળાંને કહી દીધું કે,'હું તો આ ચાલ્યો ધરતી પર. મારે હવે આ રીતે રાત ઉજાગરા નથી કરવા.' સાંભળીને બધા તારલા તો ગભરાઈ ગયા. આપસમાં વાતો થવા લાગી કે ચાંદામામા ચાલ્યા જશે તો રાતના ચાંદની કોણ રેલાવશે ? જગત કોણ અજવાળશે ? બધા તારલા અને વાદળાંએ ચાંદામામાને સમજાવવાની ખૂબ કોશિશ કરી, પણ ચાંદામામા તો એકના બે થાય જ નહીં ને ! બધાને ચાંદામામાની વાત સાચી તો લાગી, પણ કોઈ શું કરી શકે ? એ તારલાઓમાં એક તારો બહુ બુદ્ધિશાળી હતો. એણે આગળ આવીને કહ્યું, 'ચાંદામામા, તમારી વાત સાચી છે, પણ આપણે તો આકાશના રહેવાસી. આપણાથી ધરતી પર શી રીતે જવાય? ધરતી પર તો મનુષ્યો, પશુ-પંખીઓ અને જીવજંતુઓ રહે.' તો ચાંદામામા કહે,'એ બધું હું કંઈ ન જાણું. મારે તો ધરતી પર જવું એટલે જવું. હું તો જવાનો.' 'સારું' - પેલો તારો કહે, 'પણ તમે બે-ચાર દિવસ પછી જાવ તો વધારે સારું'. ચાંદામામાએ પૂછયુ,'કેમ ?' તો પેલો તારો કહે,'ધરતી પર વાતાવરણ હમણાં સારું નથી. બે-ચાર દિવસમાં સુધરી જાય પછી જજો. હમણાં જશો તો જતાંવેંત જ બીમાર પડી જશો.' ચાંદામામાને એ વાત સાચી લાગી એટલે એમણે ધરતી પર જવાનું બે-ચાર દિવસ પૂરતું મુલતવી રાખ્યું.

બધાને હાશ થઈ, પણ બે-ચાર દિવસ પછી શું કરવું એ વિચાર એમને પજવવા લાગ્યો. અને નક્કી એ થયું કે આપણે આ વાત સૂરજદાદાને કરવી અને એમને જ કહેવું કે તમે જ કંઈ રસ્તો કરો. તારલા કંઈ સૂરજ પાસે જઈ ન શકે. વાદળાં જઈ શકે એટલે બધાએ નક્કી કર્યું કે વાદળાં જઈને આખી વાત સૂરજદાદાને કરે. એટલે વાદળાંએ કહ્યું,'ભલે'. વાદળાં તો આવ્યાં સૂરજદાદા પાસે, પણ બોલવાની કોઈની હિમ્મત ચાલે જ નહીં. રખેને સૂરજદાદા ગુસ્સે થઈ જાય તો, સૂરજદાદા તો પાસે આવેલાં વાદળાંને જોઈને બોલ્યા,'કેમ, આજે આકાશમાં ફરવા જવાનો, કામ કરવાનો ઈરાદો નથી કે શું ? તમારું કામ આકાશમાં ફરવાનું ને બધાનું ધ્યાન રાખવાનું. આમ બધાં એક સાથે ટોળે શું વળ્યાં છો ?' વાદળાંમાં જે વાદળ હિમ્મતવાન હતું એ આગળ આવ્યું ને બોલ્યું, 'માફ કરજો સૂરજદાદા, પણ તમને એક વાત કરવા અમે અહીં આવ્યાં છીએ.' એમ કહીને ચાંદામામાની બધી વાત કરી. સાંભળીને સૂરજદાદા તો જે ગુસ્સે થયાં, જે ગુસ્સે થયાં. ગુસ્સામાં ને ગુસ્સામાં જ મોટથી બૂમ પાડી કે,'ચાંદા, એય



ચાંદા, ક્યાં છે તું ?' સૂરજદાદાની બૂમ સાંભળીને બધાં વાદળો ગભરાઈ ગયાં. ડરને કારણે કેટલાંક ભાગી ગયા તો કેટલાંક વિખેરાઈ ગયાં. બૂમ તો ચાંદામામાએ પણ સાંભળી. એ પણ ગભરાઈ ગયા. પપ્પાના ડરથી કોઈ બાળક માના પાલવમાં છુપાઈ જાય એમ ચાંદામામા એક કાળા વાદળમાં છુપાઈ ગયા પણ સૂરજદાદાએ ચાંદામામાને પકડી પાડયા, પાસે બોલાવ્યા ને પૂછયું,'આ બધું શું છે ? શું તારે ખરેખર ધરતી પર જવું છે ?' એટલે વાદળ પાછળથી જરાક મોઢું બહાર કાઢીને ડરતાં ડરતાં ચાંદામામાએ હા પાડી, તો સૂરજદાદાએ ગુસ્સામાં જ પૂછયું,'કેમ ?' એટલે ચાંદામામા તો ગેંગે ફેંફે થતાં થતાં બોલ્યા,'મમમ...... મને આ રાતના જજજજ.... જાગવાનું ફફફફાવતું જ નથી. હહહહહજારો વર્ષોથી હું રાતના જાગું છું, હવે મારાથી અઅઆ કામ નહીં થાય. તતતતમે રાતના જાગવા માટે બબબબીજા કોઈને રાખી લો.' આટલું તો ચાંદામામા માંડ માંડ બોલ્યા ને બોલીને ઝટ પાછા વાદળ પાછળ છુપાઈ ગયા, પણ ચાંદામામાની આવી હાલત જોઈને સૂરજદાદાતો હા-હા-હા-હા..... કરતા ખડખડાટ હસવા લાગ્યા. સૂરજદાદાને આમ હસતા જોઈને એક વૃદ્ધ વાદળ આગળ આવ્યું ને બોલ્યું,'દાદા, ચાંદામામાની વાત સાચી છે. ભલે તમે રજા ના રાખો, પણ ચાંદામામાને થોડી ઘણી રજા આપો.' સૂરજદાદાને હસતા જોઈને બીજાં વાદળોનો ડર પણ ભાગી ગયો. બધાં સાથે બોલ્યા,'હા સૂરજદાદા, ચાંદામામાને થોડી રજા તો આપો. બધાની વાત સાંભળીને સૂરજદાદાએ નક્કી કર્યું કે ચાંદાએ રોજ થોડી થોડી રજા લેવાની. અમાસની રાતે આરામ કરવાનો, પણ પૂનમની રાતે જરાપણ આરામ નહીં કરવાનો. જેમ શાળામાં ક્યારેક અડધા દિવસની રજા હોય તો ક્યારેક આખી રજા હોય એમ ચાંદામામાને ક્યાકેક પા રાતની તો ક્યારેક અડધી રાતની તો અમાસની રાતે તો આખી રજા મળી ગઈ એટલે અમાસની રાતે તો ચાંદમામા ટેસથી સૂતા જ રહે. આમ, ચાંદામામાએ ધરતી પર આવવાનો વિચાર માંડી વાળ્યો અને કાયમ માટે આકાશમાં જ રહી ગયા.

**(ક) નીચે પૂછેલા પ્રશ્નના જવાબ બાળકોને સમજાવો.**
(૧) ચાંદામામા દુનિયાને શું આપે છે ?
(૨) ચાંદામામા એ શા માટે રાતે ન જાગવાનું નક્કી કરી નાખ્યું ?
(૩) બુદ્ધિશાળી તારલાએ ચાંદામામા ને શું સમજાવ્યું ?
(૪) ગુસ્સે થયેલા સૂરજદાદાએ બૂમ પાડી ત્યારે શું શું થયું ?
(૫) ચાંદામામાએ આરામ ક્યારે કરવાનો, ક્યારે નહીં કરવાનો ?

**(ખ) નીચે આપેલા વાક્ય ખરા (✓) છે કે ખોટા (✗)**
(૧) ચાંદામામા માંડ માંડ બોલ્યા ને બોલીને ઝટ વાદળ પાછળ છુપાઈ ગયા.
(૨) બધાને ચાંદામામાની વાત સાવ ખોટી લાગી, પણ કોઈ શું કરી શકે ?
(૩) ચાંદામામાએ વિચાર્યું માણસોને તો શનિ-રવિ પણ રજાહોય.



**(ગ) પૂછયા પ્રમાણે કહો.**
(૧) બે તહેવારના નામ બોલો.
(૨) એક અઠવાડિયામાં આવતા વાર ના નામ કહો.
(૩) આકાશમાં ફરતા ગ્રહના નામ કહો.
(૪) સૂરજની ગરમી, વૃક્ષ-વરસતાં વાદળ સૃષ્ટિચક્ર સમજાવો.
(૫) મમ્મી-પપ્પાની કઈ વાત તમને ગમે છે ?

**(ઘ) નીચે આપેલા કુટુંબમાં કયો શબ્દ ખોટો છે ?**
(૧) મમ્મી-પપ્પા-ભમરો-ભાઈ-બહેન
(૨) બિસ્તરા-વાદળ-પોટલા-બેગ-થેલો.

# પાન એટલે શું?

NARESH DHARIA FCA

જેમ કે તમે બધા જાણો છો કે આજકાલ આવકવેરા વિભાગ અન્ય આવક વિભાગ સાથે લિંક કરીને વ્યક્તિગત રેકોર્ડ્સ અપડેટ કરી રહ્યું છે. કોઈ પણ કરદાતા આયકર વિભાગ થી આવક છૂપાવીને બેનામી સંપત્તિ અથવા રોકડા મા ખરીદી કરે જેથી આવકવેરા વિભાગ ને સંદેહ થાય તો આયકર વિભાગ ને માટે પાન મૂળ અને સૌથી મહત્વપૂર્ણ છે .

આ લેખમાં મેં પાનના અર્થને સમજાવવા નો પ્રયત્ન કરેલ છે. વાચકોના ફાયદા માટે, મેં પ્રશ્નો અને જવાબો માં લેખ લખ્યો છે. હું આશા રાખું છું કે તે તમને બધાને લાભ કરશે.

Q.1 પાન એટલે શું?
જવાબ: પાન એટલે પરમેનેન્ટ (કાયમી) એકાઉન્ટ નંબર.
પાન એ દસ-અંકનો અનોખો આલ્ફાન્યુમેરિક નંબર છે જે આવકવેરા વિભાગ દ્વારા જારી કરવામાં આવે છે.
પાન લેમિનેટેડ પ્લાસ્ટિક કાર્ડ (પાનકાર્ડ) ના રૂપમાં જારી કરવામાં આવે છે.
ઉદાહરણ માટે પાન: ANWPG3883A

Q.2 પાન કેવી રીતે રચાય છે અને તેની આગવી ઓળખ કેવી રીતે મળે છે?
જવાબ: પાન એ આવકવેરા વિભાગ દ્વારા જારી કરાયેલ દસ-અંકનો અનોખો અલ્ફાન્યુમેરિક નંબર છે.
પાનની રચનાની ચર્ચા નીચે મુજબ છે. પ્રથમ પાંચ અક્ષરોમાંથી, પ્રથમ ત્રણ અક્ષરો એએએથી ઝેડઝેડઝેડ સુધી ચાલતી મૂળાક્ષરોની શ્રેણી રજૂ કરે છે. (દા.ત. ANWPG3883A)
પાનનું ચોથું પાત્ર પેન ધારકની સ્થિતિનુ પ્રતિનિધિત્વ કરે છે (દા.ત. એએનડબલ્યુપીજી 3883 એ)
"એ" એટલે કે એસોસિયેશન ફ પર્સન્સ (એઓપી) # "બી" એટલે શરીરના વ્યક્તિઓ (BOI)
"સી" એટલે કંપની #"એફ" એટલે ફર્મ / મર્યાદિત જવાબદારી ભાગીદારી #"જી" એટલે સરકારી એજન્સી
"એચ" એટલે હિન્દુ અવિભાજિત કુટુંબ (એચયુએફ) # "જે" એટલે કૃત્રિમ ન્યાયમૂર્તિ વ્યક્તિ
"એલ" એટલે લોકલ ઓથોરિટી #"પી" એટલે વ્યક્તિગત #"ટી" એટલે ટ્રસ્ટ

પાનનું પાંચમું પાત્ર કોઈ વ્યક્તિના કિસ્સામાં પેન ધારકનુ અંતિમ નામ / અટકનું પ્રથમ પાત્ર રજૂ કરે છે. બિન-વ્યક્તિગત પેન ધારકોના કિસ્સામાં પાંચમુ પાત્ર પેન ધારકના નામનું પ્રથમ પાત્ર રજૂ કરે છે (દા.ત. એએનડબલ્યુપીજી 3883 એ) આગળનાં ચાર અક્ષરો એ 0001 થી 9999 (દા.ત. ANWPG3883A) સુધી ચાલતા ક્રમિક સંખ્યાઓ છે. છેલ્લું પાત્ર, એટલે કે, દસમા પાત્ર એ મૂળાક્ષરોનો ચેક અંક છે (દા.ત. ANWPG3883A) આમ તે પાન આપે છે.

Q.3 કોને પાન મેળવવાનું છે?

જવાબ: પાન નીચેના વ્યક્તિઓ દ્વારા લેવાની રહેશે:

i) દરેક વ્યક્તિ જો પાછલા વર્ષ દરમિયાન તેની કુલ આકારણી કરેલ આવક મહત્તમ કર મુક્તિ મર્યાદાની રકમ કરતાં વધી ગઈ છે એટલે કે રૂ. 2,50,000 / =.

ii) એક સખાવતી ટ્રસ્ટ જેને કલમ 139 (4A) હેઠળ વળતર આપવું જરૂરી છે.

iii) દરેક વ્યક્તિ કે જે કોઈપણ વ્યવસાય અથવા વ્યવસાયને આગળ ધપાવી રહ્યો છે, જેનું કુલ વેચાણ, ટર્નઓવર / કુલ આવક છે / તે પાછલા વર્ષમાં પાંચ લાખ રૂપિયાથી વધુની સંભાવના છે

iv) પ્રત્યેક વ્યક્તિ કે જે નિર્ધારિત નાણાકીય વ્યવહારોની રકમ દાખલ કરવા માગે છે.

v) દરેક બિન-વ્યક્તિગત રહેવાસી વ્યક્તિઓ જો નાણાકીય વર્ષ દરમિયાન આવા બિન-વ્યક્તિગત રહેવાસી વ્યક્તિઓ દ્વારા દાખલ કરાયેલ નાણાકીય વ્યવહાર રૂ. ૨,૫૦,૦૦૦ છે.

નોંધ: બિન-વ્યક્તિગત નિવાસી વ્યક્તિઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓનો અર્થ મેનેજિંગ ડિરેક્ટર, ડિરેક્ટર, ભાગીદાર, ટ્રસ્ટી, લેખક, સ્થાપક, કર્તા, મુખ્ય કાર્યકારી અધિકારી, મુખ્ય અધિકારી અથવા બિન-વ્યક્તિગત રહેવાસી વ્યક્તિઓનો હોદ્દો ધરાવનાર અથવા કાર્યરત કરવા માટે સક્ષમ કોઈપણ વ્યક્તિ છે.
આવી વ્યક્તિઓ વતી. ઉપરોક્ત કોઈપણમાંથી આવરી લેવામાં આવેલ વ્યક્તિ સ્વૈચ્છિક રીતે પેન માટે અરજી કરી શકે છે.

Q.6 કયા નાણાકીય વ્યવહારો છે જેમાં પાન નું અવતરણ ફરજિયાત છે?

જવાબ: આયકર રૂલ્સ (નિયમ) ૧૧૪ બી મુજબ, નીચે મુજબ ટ્રાન્ઝેક્શન છે જેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને કોન્સ્યુલર icesફિસ સિવાય દરેક વ્યક્તિ દ્વારા પાન અવતરણ ફરજિયાત છે:

1. મોટર કાર અથવા બે પૈડાવાળા વાહનો સિવાયના વાહનની ખરીદી અથવા ખરીદી.

2. બૅંકિંગ કંપની અથવા સહકારી બૅંકમાં ખાતું ખોલાવવું

i) ક્રેડિટ અથવા ડેબિટ કાર્ડ ઇશ્યૂ કરવા માટે અરજી કરવી.

ii) ડિપોઝિટરી, સહભાગી, સિક્યોરિટીઝના કસ્ટોડિયન સાથે ખાતું ખોલાવવું

iii) કોઈપણ સમયે હોટલ / રેસ્ટોરન્ટ બિલમાં રૂ.૫૦,૦૦૦ ની રકમની ચુકવણી, કોઈપણ વિદેશી દેશની યાત્રા અથવા કોઈપણ સમયે વિદેશી ચલણ ખરીદવાની ચુકવણી, મ્યુચ્યુઅલ ફંડના યુનિટની ખરીદી, ડિબેંચર્સ ની ખરીદી, આરબીઆઈ બોન્ડ્સ ની ખરીદી.

6. બૅંકિંગ કંપની અથવા સહકારી બૅંકમાં જમા: -

i) રૂ. ૫૦,૦૦૦ કરતા વધુની રોકડ કોઈપણ એક દિવસ દરમિયાન

ii. ૨,૫૦,૦૦૦ થી વધુની એકત્રીત રકમની રોકડ

iii) ૦૯-૧૧-૨૦૧૬ થી 30 ડિસેમ્બર, 2016 ના સમયગાળા દરમિયાન જમા

છાપવામાં આવશે અને સંદેશાવ્યવહાર સરનામાં પર રવાના કરવામાં આવશે. જો એવી ઇ પાનકાર્ડ આવશ્યક નથી. આવા કિસ્સાઓમાં, ઇમેઇલ આઈડી ફરજિયાત રહેશે અને પીડીએફ ફોર્મેટમાં ઇ-પાન કાર્ડ પાન અરજદારને પાન એપ્લિકેશન ફોર્મમાં ઉલ્લેખિત ઇમેઇલ આઈડી પર મોકલવામાં આવશે.
આવા કિસ્સાઓમાં પાનકાર્ડ મોકલવામા આવશે નહીં. અરજદાર, કંપની હોવાના કિસ્સામાં, જે કંપનીઓ અધિનિયમ, ૨૦૧ under હેઠળ નોંધાયેલ નથી, કાયમી ખાતાની ફાળવણી માટેની અરજી પેટા કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ ફોર્મ નંબર SPIC- INC -32 માં કરવાની રહેશે.

Q.9 ઇ-ફાઇલિંગ પોર્ટલનો ઉપયોગ કરીને પાન સાથે આધાર નંબર કેવી રીતે જોડવું?
જવાબ: કરદાતાએ તેમના નોંધાયેલા વપરાશકર્તાનામ અને પાસવર્ડનો ઉપયોગ કરીને ઇ-ફાઇલિંગ પોર્ટલમાં લ loginગિન કરવું આવશ્યક છે. લોગિન કર્યા પછી, તેને તેની 'પ્રોફાઇલ સેટિંગ્સ' હેઠળ "લિંક આધાર" વિકલ્પ મળશે. જો કરદાતાના નામ અને જન્મ તારીખ આધાર અને પાન સમાન હોય તો આધાર નંબર પાન સાથે જોડવામાં આવશે.

Q.10 એસએમએસ સુવિધાનો ઉપયોગ કરીને પાન સાથે આધાર નંબર કેવી રીતે જોડવું?
જવાબ: કરદાતા કે જેઓ પોતાનો આધાર નંબર પાન સાથે લિંક કરવા માંગે છે તેમને નીચેના ફોર્મેટમાં 567678 અથવા 56161 પર એસએમએસ મોકલવા જરૂરી છે:

યુઆઈડીપીએન <સ્પેસ> <12 અંકનો આધાર> <સ્પેસ> <10 અંક પાન> 567678 અથવા 56161 પર એસએમએસનું ઉદાહરણ: UIDPAN 111122223333 AAAPA9999Q જો કરદાતાના નામ અને જન્મ તારીખ આધાર અને પાન સમાન હોય તો આધાર નંબર પાન સાથે જોડવામાં આવશે.

Q.11 આધાર નંબરને પાન સાથે કેવી રીતે જોડવું?
જવાબ: આધાર નંબરને બે રીતે કોઈપણ રીતે પાન સાથે લિંક કરી શકાય છે:
છેલ્લી તારીખ : ૩૦-૦૬-૨૦૨૧.

---

1. એસએમએસ સુવિધાનો ઉપયોગ
2. ઇ-ફાઇલિંગ પોર્ટલ https://incometaxindiaefiling.gov.in પર સુવિધાનો ઉપયોગ

Q.12 પેન મેળવવા માટે કોઈ ચાર્જ ચૂકવવાના છે?

જવાબ: અરજદારે પેન કાર્ડ સેન્ટર દ્વારા વસૂલવામાં આવતા ચાર્જ મુજબ ફી ભરવાની રહેશે

છાપવામાં આવશે અને સંદેશાવ્યવહાર સરનામા પર રવાના કરવામાં આવશે. જો એવી ઇ પાનકાર્ડ આવશ્યક નથી. આવા કિસ્સાઓમાં, ઇમેઇલ આઈડી ફરજિયાત રહેશે અને પીડીએફ ફોર્મેટમાં ઇ-પાન કાર્ડ પાન અરજદારને પાન એપ્લિકેશન ફોર્મમાં ઉલ્લેખિત ઇમેઇલ આઈડી પર મોકલવામાં આવશે. આવા કિસ્સાઓમાં પાનકાર્ડ મોકલવામાં આવશે નહીં. અરજદાર, કંપની હોવાના કિસ્સામાં, જે કંપનીઓ અધિનિયમ, ૨૦૧ under હેઠળ નોંધાયેલ નથી, કાયમી ખાતાની ફાળવણી માટેની અરજી પેટા કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ ફોર્મ નંબર SPIC- INC -32 માં કરવાની રહેશે.

Q.9 ઇ-ફાઇલિંગ પોર્ટલનો ઉપયોગ કરીને પાન સાથે આધાર નંબર કેવી રીતે જોડવું?
જવાબ: કરદાતાએ તેમના નોંધાયેલા વપરાશકર્તાનામ અને પાસવર્ડનો ઉપયોગ કરીને ઇ-ફાઇલિંગ પોર્ટલમાં લ loginગિન કરવું આવશ્યક છે. લોગિન કર્યા પછી, તેને તેની 'પ્રોફાઇલ સેટિંગ્સ' હેઠળ "લિંક આધાર" વિકલ્પ મળશે. જો કરદાતાના નામ અને જન્મ તારીખ આધાર અને પાન સમાન હોય તો આધાર નંબર પાન સાથે જોડવામાં આવશે.

Q.10 એસએમએસ સુવિધાનો ઉપયોગ કરીને પાન સાથે આધાર નંબર કેવી રીતે જોડવું?
જવાબ: કરદાતા કે જેઓ પોતાનો આધાર નંબર પાન સાથે લિંક કરવા માંગે છે તેમને નીચેના ફોર્મેટમાં 567678 અથવા 56161 પર એસએમએસ મોકલવા જરૂરી છે:

યુઆઈડીપીએન <સ્પેસ> <12 અંકનો આધાર> <સ્પેસ> <10 અંક પાન> 567678 અથવા 56161 પર એસએમએસનું ઉદાહરણ: UIDPAN 111122223333 AAAPA9999Q જો કરદાતાના નામ અને જન્મ તારીખ આધાર અને પાન સમાન હોય તો આધાર નંબર પાન સાથે જોડવામાં આવશે.

Q.11 આધાર નંબરને પાન સાથે કેવી રીતે જોડવું?
જવાબ: આધાર નંબરને બે રીતે કોઈપણ રીતે પાન સાથે લિંક કરી શકાય છે:
છેલ્લી તારીખ : ૩૦-૦૬-૨૦૨૧.


---

1. એસએમએસ સુવિધાનો ઉપયોગ
2. ઇ-ફાઇલિંગ પોર્ટલ https://incometaxindiaefiling.gov.in પર સુવિધાનો ઉપયોગ

Q.12 પેન મેળવવા માટે કોઈ ચાર્જ ચૂકવવાના છે?

જવાબ: અરજદારે પેન કાર્ડ સેન્ટર દ્વારા વસૂલવામાં આવતા ચાર્જ મુજબ ફી ભરવાની રહેશે

## બાલાસિનોરનું ગૌરવ



બાલાસિનોરના વતની પ્રમોદિનીબેન નટવરલાલ પરીખ (માછલી) ની દીકરી વૃંદાબેન કૌશલકુમાર શાહની ૧૮ વર્ષની દીકરી **ખુશી શાહ** સ્કેટિંગમાં વર્લ્ડ સ્પીડ સ્કેટિંગ ચેમ્પિયન માટે સિલેક્ટ થયા છે.

સંસ્થા વતી ખુશીને ખુબ ખુબ અભિનંદન.



Dr. Divya Desai

Daughter of Trupti and Sandip Desai Dr. Divya Desai achieved her doctorate of Philosophy in Biological Sciences (Specializing in Stem Cell Biology and Epigenetics) on 8th April 2021 from School of Science, NMIMS University, Mumbai.

She is currently working as Post Doctoral Research Fellow at HMRI, Pasadena, California

Grand Daughter of Sudhaben and Late Maheshchandra R Desai (Kolkatawala)


II Jay Jay Shree Gokulesh ||

**Kinjal Parikh**
8104682589
9820815584

**Chintak Parikh**
9324310473
9819286125



**ESTATE AGENT**

*Flat/Shop/Office/Gala/Shed*

**BUY - SELL - RENT**

**Other Services**

- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

**YOUR DREAM'S OUR GOAL**


## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **કેદાર ચીમનલાલ ગાંધી**
  ૬૦૧, સર્જન, શિંપોલી, રૈયાણી ગ્રામ,
  સેલ્યુટ હોટલ પાસે, બોરીવલી (વેસ્ટ)
  મુંબઈ - ૪૦૦૦૯૨

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ રાજેન્દ્ર પુનમચંદ દોશી (ડોબુ) | ૭૪ |
| ✤ દિનેશચંદ્ર મણીલાલ પરીખ | ૮૦ |
| ✤ શાંતાબેન કિર્તનલાલ કડકીઆ (લટકારી) | ૯૨ |
| ✤ રસીકલાલ મોહનલાલ શાહ (મલમ) | ૯૫ |
| ✤ રૂપલ દિવ્યેશ કડકીઆ (ફાફા) | ૫૪ |
| ✤ રાકેશ શાંતિલાલ કચેરીયા | ૬૦ |
| ✤ લીલાબેન નટવરલાલ પરીખ (રાઠોડીયા) | ૯૩ |
| ✤ ઉદય બાબુલાલ મોદી (બોરુ) | ૫૯ |
| ✤ કિર્તનલાલ સાંકરલાલ દેસાઈ (તલાટી) | ૯૮ |
| ✤ પદમાબેન પ્રવીણચંદ્ર દેસાઈ (દેડકી) | ૮૭ |
| ✤ બાબુભાઈ મોહનલાલ દોશી (અમદાવાદ) | ૯૦ |
| ✤ નવીનભાઈ ચીમનલાલ શાહ (કલકત્તાવાળા) | ૯૧ |
| ✤ ઉર્વશીબેન જયેન્દ્ર ગાંધી | ૭૪ |
| ✤ વિનોદચંદ્ર મણીલાલ શાહ (નગરશેઠ) | ૯૫ |
| ✤ માલતીબેન દિપક પરીખ (ઘીવાલા) | ૭૧ |
| ✤ અંજના જવાહર કડકીઆ (હાલોલવાલા) | ૭૪ |
| ✤ જ્યોતિકા જગદીશ પરીખ (કુવાવાલા) | ૭૮ |
| ✤ વર્ષા અશોકભાઈ કડકીઆ (ખીસાદાર) | ... |
| ✤ નલિનભાઈ કાંતિલાલ શાહ (ઝાટ) | ૮૦ |
| ✤ રમેશચંદ્ર કાંતિલાલ કડકીઆ (ધરીવાલા) | ૮૧ |
| ✤ ઈન્દુબેન સુરેશચંદ્ર દેસાઈ (હૈદ્રાબાદવાળા) | ... |
| ✤ કૃતી રીતેશ દેસાઈ (અમદાવાદ) | ૪૨ |


**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

Authorised Distributors

# POLYCAB
## WIRES & CABLES





- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month

44

JYOTI PUNJ - May - 2021

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH
RASESH PAREKH

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.